

P.07

આમિર ખાનના દીકરા જુનૈદનો ડાન્સ જોઈને ફરાહ ખાન આશ્ચર્યચકિત થઈ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક


www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૭૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : મહા સુદ ૦૮ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 176 • Dt.06-02-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

ટીએમસી સાંસદ શત્રુઘ્ન સિન્હાએ યુનિફોર્મ સિવિલ કોડને દેશની જરૂરિયાત ગણાવી

વડાપ્રધાન મોદીએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી । મા ગંગાની પૂજા કરી



07

06
FEBRUARY- 2025
THURSDAY



07

યુપી-બિહાર સહિત ઘણા રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદની ચેતવણી । પર્વતોમાં બરફવર્ષા






















## પ્રેમિકાના નામની મજાક ઉડાવવાના કારણે યુવકની જુહાપુરામાં હત્યા

| અમદાવાદ, તા.૫ |

અમદાવાદમાં ગત દિવસમાં એક યુવાનની જુહાપુરામાં હત્યા કરાઈ હતી. જેમાં યુવાને પ્રેમિકાનું નામની મજાક કરતાં હત્યા કરી હોવાની બાબત સામે આવી છે. અમદાવાદના જુહાપુરામાં યુવકની હત્યા થઈ અને તેની પાછળ એક કારણ જવાબદાર હતું. પ્રેમિકાના નામને લઈને મજાક કરવાની ના કહેતા છરીના ઘા ઝીંક્યા અને મૃતકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આખરે પોલીસે આરોપીની ધરપકડ કરીને તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર, જુહાપુરામાં ગત દિવસમાં એક યુવાનની હત્યા કરવામાં આવી હતી. જેમાં આરોપી અયાન પઠાણ પર આરોપ છે કે તેણે તેના મિત્રને ચપ્પાના ઘા મારી રહેંશી નાખ્યો છે.

## કેશોદમાં કારની વૃક્ષ સાથે ટક્કર, દુર્ઘટનામાં ૨ લોકોના મોત અને ૨ ગંભીર રીતે ઘાયલ

| જૂનાગઢ, તા.૫ |

રાજ્યમાં વધુ એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. મળતા અહેવાલ પ્રમાણે કેશોદના અગતરાય રસ્તા પર કાર વૃક્ષ સાથે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. કારમાં ૪ લોકો સવાર હતા. લગ્ન પ્રસંગમાં આવેલા લોકો મધરાત્રે હાઈવે નજીક નાસ્તો કરવા જઈ રહ્યાં હતા તે દરમિયાન આ અકસ્માત થયો હતો.ભારે જહેમત બાદ કારના પતરા કાપીને મૃતદેહોને અને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. લગ્નનો માહોલ માતમમાં ફેરવાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો દુર્ઘટનાસ્થળ પર પહોંચ્યો હતો. મૃતદેહોને પીએમ અર્થે મોકલ્યા હતા. અને અકસ્માતે ગુનો નોંધ્યો હતો. રાજ્યમાં વધુ એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. મળતા અહેવાલ પ્રમાણે કેશોદના અગતરાય રસ્તા પર કાર વૃક્ષ સાથે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો.

### ટ્રાફિક પોલીસે ૪૮ લાખનો દંડ વસૂલ્યો

# અમદાવાદમાં ટ્રાફિક પોલીસે ૨ દિવસમાં ૬૬૦૦થી વધુ ચલણ જારી

**ફેન્સી અથવા ખૂટતી નંબર પ્લેટ માટે ૯૪૯ ચલણ જારી કરવામાં આવ્યા હતા, જો કે, આ નિયમના ઉલ્લંઘન માટે અંદાજે ૪૨,૩૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો**

| અમદાવાદ, તા.૫ |

અમદાવાદ શહેરના રસ્તાઓ પર ઘણા બાઈક સવારો હેલ્મેટ પહેર્યા વગર જોવા મળે છે. જેના કારણે અકસ્માતના કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે. ગયા વર્ષે ગુજરાત હાઈકોર્ટે પણ આ અંગે કડકાઈ દાખવી હતી અને હેલ્મેટના નિયમો લાગુ કરવા બદલ અમદાવાદ પોલીસને ફટકાર લગાવી હતી. આ પછી, અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં તમામ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, નાગરિક કર્મચારીઓ અને બાઈક સવાર જાહેર જનતા માટે હેલ્મેટ પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું હતું, પરંતુ ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન હજુ પણ ચાલુ છે અને છેલ્લા બે દિવસમાં સૌથી વધુ કેસ નોંધાયા છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફલાયઓવરના બાંધકામ અને ડિમોલિશનની કામગીરીને વેગ આપવાને કારણે, મુસાફરોને ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. તાજેતરમાં, ત્રણ દિવસ સુધી ચલાવવામાં આવેલા સઘન તપાસ અભિયાન દરમિયાન, પોલીસને ખબર પડી કે સ્થાનિક લોકો નિયમો તોડવાની તેમની આદત છોડતા નથી. આ દરમિયાન વાહનોમાં કાં તો નંબર પ્લેટ ન હતી અથવા તો ફેન્સી નંબર પ્લેટ પહેરેલી હતી.હેલ્મેટ ફરજિયાત કર્યા પછી પણ આ નિયમનો સૌથી વધુ ભંગ



થતો ટ્રાફિક નિયમ છે. આ કેસમાં માત્ર બે દિવસમાં ૨,૮૪૮ ચલણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નંબર પ્લેટના નિયમોના ઉલ્લંઘનમાં પણ વધારો જોવા મળ્યો હતો. આ જ સમયગાળા દરમિયાન ફેન્સી અથવા ખૂટતી નંબર પ્લેટ માટે ૯૪૯ ચલણ જારી કરવામાં આવ્યા હતા. જો કે, આ નિયમના ઉલ્લંઘન માટે અંદાજે ૪૨,૩૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.જો કે, ટ્રાફિક સિગ્નલના પાલનને પ્રોત્સાહન આપવા માટે તાજેતરની ઝુંબેશ અસરકારક સાબિત થઈ રહી છે. બે દિવસમાં માત્ર ૨૫૫ ડ્રાઈવરો જ લાલ બત્તી જમ્પ કરતા ઝડપાયા છે. આ કેસમાં કુલ રૂ. ૧.૨૪ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.જોઈન્ટ પોલીસ કમિશનર (ટ્રાફિક) એન.એન. ચૌધરીએ જણાવ્યું હતું કે ટ્રાફિકના ઉલ્લંઘનમાં વધારો થવાનું કારણ અહીં ચાલી રહેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ છે, કારણ કે અમદાવાદ શહેર ૨૦૩૬ ઓલિમ્પિકનું આયોજન કરે તેવી અપેક્ષા છે. “બાંધકામ પ્રવૃત્તિઓને લીધે, ઘણા ટ્રાફિક જંકશન કાં તો બંધ છે.

## બાપુનગરમાં ૧૦ વર્ષના બાળકની હત્યા, પિતા જ નીકળ્યો દીકરાનો હત્યારો, બાદમાં ફરાર

| અમદાવાદ, તા.૫ |

અમદાવાદનાં બાપુનગરમાં સગા બાપે દીકરાની નિર્મમ રીતે હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી હતી. અમદાવાદનાં બાપુનગર વિસ્તારમાં રહેતા શખ્સે પોતાનાં ૧૦ વર્ષીય દીકરા ઓમને પાણીમાં સોડિયમ નાઈટ્રેટ ભેળવીને પીવડાવી દેતાબાળકનું મોત નિપજ્યું હતું. હત્યા બાદ પિતા ફરાર થઈ ગયો હતો. ત્યારે આ બાબતે પોલીસને જાણ થતા પોલીસ દ્વારા હત્યારા પિતાને શોધવા ચક્રોગતિમાન કર્યા હતા.પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ અમદાવાદનાં બાપુરનગર વિસ્તારમાં રહેતો ઓમ (ઉ.વર્ષ.૧૦) ઘરે હતો. ત્યારે તેના પિતા દ્વારા દીકરાને પાણીમાં ઝેર મેળવીને પીવડાવી મોતને ઘાટ ઉતાર્યો હતો. ત્યારે થોડા સમય પહેલા સરખેજનાં ભૂવા નવલસિંહ દ્વારા પણ આવી જ મોડસ ઓપરેન્ડીથી હત્યા કરી નાંખી હતી. તે જ રીતે આરોપી પિતા દ્વારા પોતાનાં દીકરાને પાણીમાં સોડિયમ નાઈટ્રેટ ભેળવીને પીવડાવ્યું હતું. ત્યારે આ સમગ્ર મામલે બાપુનગર પોલીસે હત્યારા પિતાની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.અમદાવાદનાં બાપુનગરમાં ૧૦ વર્ષીય દીકરાને પિતાએ મોતને ઘાટ ઉતાર્યાનાં સમાચાર વાયુ વેગે સમગ્ર વિસ્તારમાં પ્રસરી જતા લોકોએ પિતા પર ફીટકાર વરસાવી હતી. ત્યારે આરોપીની પત્નિ રિસામણે મહેસાણા ગઈ હતી. ત્યારે પિતા દ્વારા ક્રૂરતા પૂર્વક દીકરાની હત્યા કરી દીધી હતી.

### વર્ષ ૨૦૨૩ માં, નવસારી એસઓજી પોલીસે માહિતીના આધારે આ સમગ્ર રેકેટ પર દરોડા પાડ્યા

# યુટ્યુબે કર્યો કાંડ યુવક અને એક સગીરે ચેનલ પરથી શીખ્યા ડુપ્લિકેટ દારૂ બનાવ્યો

| નવસારી, તા.૫ |

નવસારીના વિજલપોરમાં રહેતા એક યુવક અને એક સગીરે યુટ્યુબ ચેનલ પરથી ડુપ્લિકેટ દારૂ બનાવવાનું શીખ્યા હોવાની ઘટના સામે આવી છે,તેમને ડુપ્લિકેટ દારૂ બનાવ્યો અને તેનું વેચાણ શરૂ કર્યું. વર્ષ ૨૦૨૩ માં, નવસારી એસઓજી પોલીસે માહિતીના આધારે આ સમગ્ર રેકેટ પર દરોડા પાડ્યા. પરંતુ એક વર્ષ પછી એફએસએલ રિપોર્ટ આવ્યા બાદ, પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી, સગીરની અટકાયત કરી અને તપાસ તેજ કરી.આ ઘટનામાં સામેલ યુવકની ઓળખ હિમાંશુન પટેલ તરીકે થઈ છે, જેણે તેના સગીર સાથી સાથે મળીને નવસારીના વિજલપોર વિસ્તારમાં લેકવ્યુ રેસિડેન્સી સ્થિત તેના ઘરે





ડુપ્લિકેટ દારૂ બનાવવાનું શરૂ કર્યું હતું. હિમાંશુ અને તેના નાના મિત્રએ સોશિયલ મીડિયા સાઈટ યુટ્યુબ પર ડુપ્લિકેટ દારૂ બનાવવાના વીડિયો જોઈને દારૂ બનાવવાનું શીખ્યા. બંનેએ જરૂરી આઈએસઓ પ્રોફાઈલ આલ્કોહોલ સ્પિરિટ અને આલ્કોહોલ વ્હિસ્કી ફ્લેવર ઓનલાઈન ઓર્ડર કર્યો હતો.તેઓએ રંગ અને અન્ય ઘટકોનું મિશ્રણ કરીને ડુપ્લિકેટ દારૂ પણ બનાવ્યો, જે બોટલમાં ભરીને જોન ડિલક્સ વ્હિસ્કી કંપનીના પેકેજિંગમાં વેચવામાં આવતો હતો. ડિસેમ્બર ૨૦૨૩ માં નવસારી પોલીસને આ અંગે માહિતી મળતા જ એસઓજી ટીમે હિમાંશુના ઘરે દરોડો પાડ્યો હતો અને સ્થળ પરથી આલ્કોહોલ સ્પિરિટ, વ્હિસ્કી ફ્લેવર, કલર, સ્ટીકર અને જોન ડિલક્સ વ્હિસ્કી બોટલ સહિતની વસ્તુઓ જપ્ત કરી હતી. જેમાંથી આઈએસઓ પ્રોફાઈલ આલ્કોહોલ સ્પિરિટ અને આલ્કોહોલ વ્હિસ્કી ફ્લેવરના નમૂના એફએસએલને તપાસ માટે મોકલવામાં આવ્યા હતા.

## ૭૭ વર્ષીય વૃદ્ધા સાથે દુષ્કર્મ, નળિયા તોડી નરાધમ ઘરમાં ઘૂસ્યો હતો

| સુરેન્દ્રનગર, તા.૫ |

મહિલાઓ માટે સુરક્ષીત માનવામાં આવતા ગુજરાતમાં પણ હવે દિવસે દિવસે દુષ્કર્મની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે માનવતાને શરમશાર કરતી ઘટના સુરેન્દ્રનગરમાં બની છે. સુરેન્દ્રનગરમાં ૭૭ વર્ષની વૃદ્ધા સાથે દુષ્કર્મની ઘટના બનતા આસપાસના વિસ્તારમાં ચકચારી મચી છે.ઘટના એવી છે કે મહિલાના મકાનમાં જ નરાધમે દુષ્કર્મ આચર્યું હતું. નરાધમ મકાનનાં નળિયા તોડી ઘરમાં ઘુસ્યો હતો. વૃદ્ધાને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. જો કે પોલીસે સમગ્ર ઘટનાની અંગે તપાસ હાથ ધરી છે.બીજી તરફ આ અગાઉ બોટાદમાં સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી.અભ્યાસ માટે જતી સગીરાની પાછળ પડી આરોપી સગીરાને હેરાન કરતો હતો.સગીરાને ધાક – ધમકી આપી તેના સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યુ હતુ. સમગ્ર ઘટનાની જાણ સગીરાના પિતાને થતા તેમણે ફરિયાદ નોંધાવી હતી. જો કે ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પડ્યો હતો. મહિલાઓ માટે સુરક્ષીત માનવામાં આવતા ગુજરાતમાં પણ હવે દિવસે દિવસે દુષ્કર્મની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે માનવતાને શરમશાર કરતી ઘટના સુરેન્દ્રનગરમાં બની છે.

## મકરપુરામાં યુવાન પર તીક્ષ્ણ હથિયારથી જીવલેણ હુમલો

| બરોડા, તા..૫ |

મકરપુરા ડેપોની પાછળ નારાયણ ઘરમાં રહેતો શિવજીતસિંહ ચંદ્રપાલ સિંહ રાજપુત શાકભાજીનો વેપાર કરે છે. મકરપુરા પોલીસ સ્ટેશન નોંધાવી જણાવ્યું છે કે મારો નાનો ભાઈ ડ્રાઈવિંગ નું કામ કરે છે ગઈકાલે રાત્રે પોણા દસ વાગે દારૂ પી જતીન રાઠવા તથા તેના મિત્ર પ્રવીણ મારા ભાઈ પર તીક્ષણ હથિયારના ઉપરા છાપરી ઘા ઝીકી દીધા હતા. મારા ભાઈને પેટ ગળા તથા કમરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી થઈ હતી. મારો ભાઈ તેઓથી બચવા ભાગવા લાગતા જતીને તેનો પીછો કરી ફરીથી હુમલો કર્યો હતો. મારા ભાઈને બચાવવા માટે આજુબાજુના લોકો આવી જતા પ્રવિણ ટોળા પર કમર પટ્ટા વડે હુમલો કર્યો હતો અને જતીને પણ બધાને ચપ્પુ બતાવીને ધમકી આપી હતી. મકરપુરા ડેપોની પાછળ નારાયણ ઘરમાં રહેતો શિવજીતસિંહ ચંદ્રપાલ સિંહ રાજપુત શાકભાજીનો વેપાર કરે છે. મકરપુરા પોલીસ સ્ટેશન નોંધાવી જણાવ્યું છે કે મારો નાનો ભાઈ ડ્રાઈવિંગ નું કામ કરે છે ગઈકાલે રાત્રે પોણા દસ વાગે દારૂ પી જતીન રાઠવા તથા તેના મિત્ર પ્રવીણ મારા ભાઈ પર તીક્ષણ હથિયારના ઉપરા છાપરી ઘા ઝીકી દીધા હતા. મારા ભાઈને પેટ ગળા તથા કમરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી થઈ હતી.



શાસક પક્ષ કૌભાંડ માટે અવનવી રીત શોધતું રહે છે તેનો આ પુરાવો છે

# અમ્યુકો.ની ૧૧ કરોડની થેલી ખરીદવાની દરખાસ્ત પ્રજાના રૂપિયાનું પાણી : ખેડાવાલા

**પ્લાસ્ટિકની થેલીઓ બંધ થઈ હોવાથી બીજી થેલીઓ માટે આ ટેન્ડર મૂકવામાં આવ્યું**






। અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પ્રજાને જાણે બધી રીતે નવડાવવાનું નક્કી કરી લીધું લાગે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રજાને માળખાકીય સેવાઓ આપવામાં તો ઉણુ ઉતર્યુ છે અને આ કહેવાતુ સ્માર્ટ સિટી ગામડાં કરતાં પણ વધારે ખરાબ હોવાના પુરાવા તેની દૈનિક કામગીરી દ્વારા રોજ આપતું રહે છે ત્યારે તેમાં તે વધુ એક કૌભાંડ કરી રહ્યુ હોવાનો આરોપ કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કર્યો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પરચેઝ કમિટીએ ૧૧ કરોડ રૂપિયાની થેલીઓ ખરીદવાનો નિર્ણય લીધો છે. હવે પ્લાસ્ટિકની થેલીઓ બંધ થઈ હોવાથી બીજી થેલીઓ માટે આ ટેન્ડર મૂકવામાં આવ્યું છે. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું છે કે વાસ્તવમાં આ પ્રજાના રૂપિયાનો વ્યય જ છે. આ પ્રકારની ખરીદીની કોઈપણ જરૂરિયાત નથી.

શાસક પક્ષ કૌભાંડ માટે અવનવી રીત શોધતું રહે છે તેનો આ પુરાવો છે. એકબાજુ તે મ્યુનિ. ખોટમાં હોવાનો દાવો કરે છે. આટલા વર્ષોમાં શાસક પક્ષ એક મ્યુનિસાપાલિટી નફો તો જવા દો પણ નહીં નફો કે નુકસાનની સ્થિતિમાં લાવી શક્યું નથી અને પ્રજાના માથે નીત નવા ખર્ચા તથા બિલ ફટકારી જાય છે.શાસક પક્ષ દ્વારા રાજ્યના એકપણ શહેરમાં પૂરી પાડવામાં આવતી બસ સેવાના ઠેકાણા નથી. અમ્યુકોની બસ સેવા દિનપ્રતિદિન કથળતી જાય છે. લોકો કોર્પોરેટરોને મારવા લે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે આમ છતાં શાસક પક્ષ નિંદ્રામાંથી જાગતો નથી. કોર્પોરેટરો અને સત્તાધીશો તેમની મોંઘી ગાડીઓમાંથી પગ નીચે મૂકતા નથી. નીતનવા તાયફામાંથી ઊંચા આવતા નથી. અમદાવાદ જેવા શહેરોમાં સીધી બસ સર્વિસ પણ પૂરી ન પાડી શકનારો શાસક પક્ષ તેની નિષ્ફળતાઓ છૂપાવવા માટે આ બધા તાયફા કરી રહ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પ્રજાને જાણે બધી રીતે નવડાવવાનું નક્કી કરી લીધું લાગે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રજાને માળખાકીય સેવાઓ આપવામાં તો ઉણુ ઉતર્યુ છે અને આ કહેવાતુ સ્માર્ટ સિટી ગામડાં કરતાં પણ વધારે ખરાબ હોવાના પુરાવા તેની દૈનિક કામગીરી દ્વારા રોજ આપતું રહે છે ત્યારે તેમાં તે વધુ એક કૌભાંડ કરી રહ્યુ હોવાનો આરોપ કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કર્યો હતો.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પરચેઝ કમિટીએ ૧૧ કરોડ રૂપિયાની થેલીઓ ખરીદવાનો નિર્ણય લીધો છે. હવે પ્લાસ્ટિકની થેલીઓ બંધ થઈ હોવાથી બીજી થેલીઓ માટે આ ટેન્ડર મૂકવામાં આવ્યું છે.

સહયોગ સંકુલના પટાવાળાએ ફરિયાદી સાથે વાતચીત કરી લાંચના નાણાં સ્વીકર્યા હતા

## ગાંધીનગર શહેરમાં લાંચ લેતા ૨ કર્મચારીઓ રંગેહાથ એસીબીએ ઝડપી પાડ્યા છે

। ગાંધીનગર, તા.૫ ।

ગાંધીનગરમાં વાહનની સબસીડી લોન માટે લાંચ લેતા ૨ સરકારી કર્મચારીઓને એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)એ ઝડપી પાડ્યા છે. ઈન્ચાર્જ મદદનીશ કમિશનર અને પ્યુન લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા. ફરિયાદી પાસેથી ૪ હજારથી વધુની લાંચ માંગવામાં આવી હતી.મળતી માહિતી અનુસાર, ફરીયાદીને વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ ઈકો ગાડી ખરીદવા સારૂ રૂ. ૭.૭૪ લાખની સબસીડી લોન લેવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સહયોગ સંકુલ, ગાંધીનગર ખાતે સંપર્ક કરતા જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના પટાવાળા પ્રવિણભાઈ મણીલાલ શ્રીમાળીએ ફરિયાદીનું ઓનલાઈન ફોર્મ ભરવાના, લોન ઝડપથી મંજુર કરાવી આપવાના અવેજ પેટે રૂ. ૪૨૦૦/- ની લાંચની માંગણી કરી હતી. મૌલિક પટેલ અને પ્રવીણ શ્રીમાળી નામના ૨ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે. સરકારી બિલ્ડિંગની કચેરીમાં લાંચ માંગવામાં આવી હતી.ગાંધીનગરના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સહયોગ સંકુલના પટાવાળાએ ફરિયાદી સાથે વાતચીત કરી લાંચના નાણાં સ્વીકર્યા હતા. આરોપી પટાવાળાએ સ્વીકારેલ નાણાં બાબતે આરોપી મૌલિક મહેન્દ્રભાઇ પટેલ ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ (ઈન્ચાર્જ મદદનીશ કમિશનર) એ સહમતી દર્શાવી બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારી કરતા બન્ને આરોપીઓ પકડાઇ ગયા હતા.

## જામનગર અને કાલાવડની બે પરણીતાને સાસરીયાઓનો ત્રાસ

। જામનગર, તા.૫ ।

સ્ત્રી અત્યાચાર ધારા હેઠળ ફરિયાદ નોંધાવાઈજામનગરમાં રહેતી એક પરણીતાને રાજકોટમાં રહેતા તેણીના સાસરિયાઓએ ત્રાસ ગુજારી હાંકી કાઢ્યા ની ફરિયાદ મહિલા પોલીસ મથકમાં નોંધાવાઈ છે, જ્યારે કાલાવડમાં રહેતી એક પરણીતાને તેણીના પતિએ ત્રાસ આપ્યાની ફરિયાદ કાલાવડ ટાઉન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.જામનગરમાં લાલવાડી આવાસ માં રહેતી અને રાજકોટ પરણાવેલી મીનાબેન હરેશભાઈ મારડિયા નામની ૨૧ વર્ષની પરણીત યુવતી એ પોતાને મારકુટ કરી ત્રાસ ગુજારી ઘરમાંથી હાંકી કાઢવા અંગે પોતાના પતિ હરેશ મગનભાઈ મારડિયા, સાસુ જયશ્રીબેન મગનભાઈ મારડિયા, સસરા મગનભાઈ ધનજીભાઈ મારડિયા, દીયર રવિભાઈ મગનભાઈ મારડિયા, અને દેરાણી મયુરીબેન રવિભાઈ મારડિયા સામે ફરિયાદ નોંધાવતાં મહિલા પોલીસે તમામ આરોપીઓ સામે સ્ત્રી અત્યાચાર ધારા હેઠળ ગુનો નોધી તપાસનો દોર રાજકોટ સુધી લંબાવ્યો છે.

## મહેસાણામાં વિદેશ ગયેલી શિક્ષિકાને ડીઇઓએ બરતરફ કરી દીધા

। મહેસાણા, તા.૫ ।

મહેસાણામાં વિદેશ ગયેલી શિક્ષિકાને બરતરફ કરી દેવા છે. વિદેશ ગયેલી શિક્ષિકાએ નોટિસનો જવાબ પણ આપ્યો નથી. મહેસાણાના જોરનંગ પ્રાથમિક શાળાની શિક્ષિકાને બરતરફ કરવામાં આવ્યા છે. સ્વૈચ્છિક નિવૃત્તિના સમયગાળામાં બાંયધરી આપી હતી. તેમણે કોઈ અગમ્ય કારણોસર ગેરહાજર નહીં રહેવા બાંયધરી આપી હતી.તેમણે પોતે બાંયધરી આપી હોવા છતાં પણ કીપણ જાતની મંજૂરી વગર વિદેશ ગયા હતા. શિક્ષિકા મીનાબેન પટેલ કોઈપણ પ્રકારની મંજૂરી વગર વિદેશ ગયા હતા. તેઓ છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી ગેરહાજર હતા. તેમણે ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિ માંગી હતી. તેઓ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩થી જાણ કર્યા વગર વિદેશ જતાં રહ્યા હતા. તેમને ૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અંતિમ નોટિસ આપવામાં આવી હતી. તેમણે ખુલાસો મોકલવા માટે ઈમેઈલ મારફતે ત્રણ માસનો સમય માંગ્યો હતો. તે હાજર થવાની તારીખ હાજર ન થતાં તેમને બરતરફ કરવામાં આવ્યા છે. ડીઈઓએ શિક્ષિકાને સેવામાંથી બરતરફ કર્યા છે. ગયા વર્ષે આવા જ એક શિક્ષિકા ચાલુ નોકરીએ વિભાગને કશું જ કહ્યા વગર રજા પર હોવાની વાત બહાર આવી હતી.રણછોડપુરા પ્રાથમિક શાળાની શિક્ષિકા વિદેશમાં હોવાનું જાણવા મળ્યું હતું. બકીનાબેન પટેલ છેલ્લા દસ માસથી વિદેશમાં હતા. તેઓ મેડિકલ રજાના બ્હાને વિદેશમાં ગયા હતા.તેઓ એનઓસી મેળવ્યા વગર વિદેશમાં ગયા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે તેઓએ એનઓસી મેળવ્યું ન હોવા છતાં શિક્ષણ વિભાગે તેમને એકપણ નોટિસ આપી નથી. તેઓ વિદેશમાં ગયા છે તેવા સંજોગોમાં મેડિકલ ઈ-મેઈલથી મંજૂર કરવામાં આવ્યું છે. આ રીતે મેડિકલ કઈ રીતે ઈ-મેઈલથી મંજૂર કરવામાં આવ્યું છે.






તંત્રી લેખ...

# સંસદમાં સતત હંગામો

જેવી આશંકા હતી એવું જ થયું. સંસદના બજેટ સત્રનું બીજું ચરણ પણ કોઈ વિશેષ કામકાજ વગર જ ખતમ કરી દેવામાં આવ્યું. જોકે સંસદમાં સતત હંગામો થતાં જોઈને આ સત્રને નક્કી સમય પહેલાં જ ખતમ કરી દેવાયું હોત તો સારું. તેનાથી બીજું કશું નહીં તો સરકારી ખજાનાનાં થોડાં નાણાં બચી ગયાં હોત. સંસદ નહિ ચાલવા દેવા માટે સત્તાપક્ષ અને વિપક્ષ એકબીજાને કઠેરામાં ઊભા કરવાનું જે કામ કરી રહ્યા છે, તેનું ઔચિત્ય એટલે નથી, કારણ કે ક્યાંકને ક્યાંક બંને પક્ષો તેના માટે જવાબદાર છે. જ્યાં વિપક્ષ અદાણી મામલાની તપાસ સંયુક્ત સંસદીય સમિતિ એટલે કે જેપીસી પાસે કરાવવાની પોતાની માંગને લઈને હંગામો કરતો રહ્યો, ત્યાં જ સત્તાપક્ષ એ માંગને લઈને અડગ રહ્યો કે રાહુલ ગાંધી પોતાના એ નિવેદન માટે માફી માંગે, જે તેમણે લંડનમાં આપ્યું હતું. પક્ષ-વિપક્ષની આ માંગોનું કોઈ વિશેષ મહત્ત્વ ન હતું. અદાણી મામલે જેપીસી તપાસનું ઔચિત્ય એટલા માટે ખતમ થઈ ગયું હતું, કારણ કે સુપ્રીમ કોર્ટે એક છ સદસ્યોની સમિતિની રચના કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે આ સમિતિની રચનામાં સરકારની કોઈ ભાગીદારી પણ નથી. સુપ્રીમ કોર્ટે સમિતિના સદસ્યોની પસંદગી જાતે જ કરી હતી. તેમ છતાં પણ વિપક્ષ સંતુષ્ટ ન થયો, કારણ કે તેણે સંતુષ્ટ થવું જ ન હતું અને સંસદમાં હંગામો કરવા માટે એક બહાનું જોઈતું હતું. આશ્ચર્યજનક વાત એ છે કે આ વખતે સત્તાપક્ષે પણ સંસદમાં હંગામો કર્યો અને તેના માટે એ જિદ પકડી કે રાહુલ ગાંધીએ લંડનમાં આપવામાં આવેલા પોતાના નિવેદનો માટે માફી માંગવી પડશે. એ સાચું કે રાહુલ ગાંધીએ લંડનમાં એવી ઘણી વાતો કરી, જે તેમણને નહોતી કરવી જોઈતી, પરંતુ જો તેઓ તેને પોતાની ભૂલ માનવા તૈયાર નથી તો સત્તાપક્ષ કે પછી અન્ય કોઈ શું કરી શકે? રાહુલનાં નિવેદનો પર સત્તાપક્ષનો વાંધો સાચો હતો પરંતુ તેણે પોતાની આ માંગને વધુ ચગાવવાની જરૂર ન હતી કે સંસદ ત્યારે જ ચાલશે, જ્યારે તેઓ માફી માંગશે. આવું બહુ ઓછું થાય છે, જ્યારે સત્તાપક્ષ જ સંસદમાં હંગામો કરે છે, પરંતુ આ વખતે એવું જોવા મળ્યું. એ માનવાનાં ઘણાં કારણો છે કે સંસદના બજેટ સત્રનું બીજું ચરણ એટલા માટે હંગામામાં વેડફાઈ ગયું, કારણ કે સત્તાપક્ષ અને વિપક્ષની નજરો આગામી વિધાનસભા ચૂંટણીઓની સાથે જ લોકસભા ચૂંટણીઓ પર પણ છે. નિઃસંદેહ રાજકીય પક્ષો ચૂંટણીઓને નજરઅંદાજ ન કરી શકે, પરંતુ તેનો શો મતલબ કે ચૂંટણીઓના ચક્કરમાં સંસદીય કાર્યવાહીની જ બલિ ચડાવવામાં આવે? શું ચૂંટણીઓ નજીક આવશે ત્યારે સંસદ નહીં ચાલવા દેવાય? ચૂંટણી માહોલ બનાવવા માટે સંસદ ન ચાલવા દેવી રાજકીય સ્વાર્થ માટે તેની મહત્તાને ઓછી આંકવા જેવું છે. જો રાજકીય પક્ષો એમ વિચારી રહ્યા હોય કે તેમના હંગામાથી જનતા પ્રભાવિત થઈ હશે તો એ સાચું નથી, કારણ કે જનતા તો પ્રભાવિત થાય છે સંસદમાં થનારી ગંભીર ચર્ચાથી.

# જંક ફુડ એટલે બિમારીને આમંત્રણ

ત્રણ મોટા કારણ છે જે જંક ફુડને ખતરનાક બનાવી દે છે. પ્રથમ કારણ તો એ છે કે તેમાં પ્રોસેસ્ડ ચીજ હોય છે, બીજી બાબત એ ચે કે તેમાં ફેટનુ પ્રમાણ વધારે રહે છે. ત્રીજી બાબત એ છે કે તેમાં કેલોરીનુ પ્રમાણ વધારે રહે છે. અમે જોઈ રહ્યા છીએ કે આ ત્રણ કારણોસર ઘરમાં ભોજન કરવાના બદલે લોકો બહાર જાય છે. આવી ટેવના કારણે આવા લોકો બિમારીનો શિકાર બની રહ્યા છે. જંક ફુડનો ઉપયોગ હાલના દિવસોમાં બદલાઈ રહેલી લાઈફસ્ટાઈલના કારણે વધારે જોવા મળે છે. આ પ્રકારની ખાવા પીવાની ટેવના કારણે સ્થુળતા વધતી જાય છે. બર્ગર, પિજ્જા, સમોસાની સાથે કોલ્ડ ડ્રિક્સ પણ આરોગ્ય માટે ખુબ ખતરનાક છે. જંક ફુડના કારણે અમે હવે ખાવા પીવામાં આવતી પોષક ચીજવસ્તુઓથી દુર કરી દીધા છે. બાળકોના મામલે તો વધારે ધ્યાન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઈ રહી છે. કારમ કે તેમને જો શરૂઆતથી પોષક તત્વો મળી શકશે નહી તો રોગ પ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થશે નહી. તેમની રોગ પ્રતિકારક ક્ષમતા ઘટતી જશે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં એવી ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે કે અમેરિકામાં ૩૦ ટકા કરતા વધારે લોકો વધારે પડતા વજનના કારણે પરેશાન થયેલા છે. ભારતમાં પઁણ જે રીતે જંક ફુડે હાલમાં તેની જાળને ફેલાવવાની શરૂઆત કરી દીધી છે તે જોતા નવી ચિતાં જોવા મળી રહી છે. દિલ્હીમાં તાજેતરમાં જ એક સ્કુલ અભ્યાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે સ્કુલ જતા ૩૦ ટકા બાળકો પણ વધારે પડતા વજનના કારણે હેરાન છે. જંક ફુડ પર આધારિત હોવાનો મતલબ જુદી જુદી બિમારીઓને આમંત્રણ આપવાનો છે. વધારે પડતી ચિકાસની ચીજવસ્તુઓ ખાવાથી ફેફસામાં પેટનુ પ્રમાણ વધી જાય છે. તેમાં પ્રોટીનની માત્રા તો હોતી જ નથી. પ્રોટીન આરોગ્ય માટે સૌથી વધારે મહત્વપૂર્ણ છે. હાલમાં વધી રહેલી અનેક બિમારીઓ આ જ ભોજનની ટેવના કારણે છે. આજે શુગર, બ્લડ પ્રેશન અને હાર્ટ સંબંધિત અનેક નવી નવી બિમારીઓ ઘર કરી રહી છે તેનુ મુખ્ય કારણ જંક ફુડ છે. તેનો ઉપયોગ હાલમાં વધી રહ્યો છે. શુગરનુ વધતુ પ્રમાણ સ્થુળતાને વધારે છે. સ્થુળતા જ અનેક બિમારીઓને આમંત્રણ આપી દે છે. અમે એ વાત પણ જોઈ રહ્યા છીએ કે ખાવા પીવાની ખરાબ ટેવની સાથે સાથે અમે હવે આરામદાયક જીવનશેલી તરફ આગળ વધી રહ્યા છીએ. આરામદાયક જીવનશેલીને પસંદ કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ જેના કારણે હાલત વધારે ખરાબ થઈ રહી છે. સોશિયલ મિડિયાનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી બાળકો અને અન્ય તમામ લોકો મોબાઈલ પર બેઠા રહે છે. અને પછી જે સમય મળે છે તે ટીવીની સામે બેસવામાં જતો રહે છે આવી સ્થિતીમાં પરિસ્થિતી પ્રતિકુળ બની જાય છે. આને રોકવા માટે વાલીઓ વધારે ધ્યાન આપે તે જરૂરી છે. બાળકોની ટેવને બદલી નાંખવાની જરૂર છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસના તારણ તમામ લોકો અને નિષ્ણાંતો માટે આંખ ખોલનાર છે. આ દિશામાં બાળકોને વધારે સાવધાન કરવાની ચોક્કસપણે હવે જરૂરીયાત છે.



ખેડૂતો આવકને વધારવા ટેકનોલોજી અપનાવે તે પણ જરૂરી

**વિશ્વના ઘણા દેશોમાં ઉંચા મૂલ્યો ધરાવતા પાક ઉપર વધારે ધ્યાન અપાઈ રહ્યું છે ભારતને પણ પહેલ કરવાની જરૂર છે ખેડૂતોના પાક માટે કિંમતો નક્કી કરવાનીસરકારી વ્યવસ્થા ખેડૂત સાથે વિશ્વાસઘાત સમાન છે**

# ઉચ્ચ મૂલ્યની ખેતી ઉપયોગી બની છે

**છેલ્લા ૫૦ વર્ષમાં જીડીપીમાં કૃષિનું યોગદાન ઘટી રહ્યુ છે : ખેડૂતોને યોગ્ય બજાર મળે તે દિશામાં મોદી સરકાર ઝડપી પહેલ કરે તે જરૂરી**

સરકારે હાલમાં સર્વેમાં ખેડૂતોની આવકના આંકડા ગણ્યા હતા તેમાંથી અડધાથી પણ વધારે ખેડૂત એવા હતા જેમની પાસે પોતાની જમીન ન હતી અથવા તો જો જમીન હતી તો નહિંવત પ્રમાણમાં હતી. મતલબ એ થયો કે તેઓ ખેતમજૂરોના વર્ગમાં આવે છે. તેમને ખેડૂતોની સાથે જોડવામાં આવી રહ્યા છે. અલબત્ત આ કડવી વાસ્તવિકતાથી ઈન્કાર કરી શકાય નહીં કે અમારા ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી રહી નથી. છેલ્લા ૫૦ વર્ષમાં કૃષિનું જીડીપીમાં યોગદાન એકંદરે ઘટી રહ્યું છે.



વર્ષ ૨૦૦૪-૨૦૧૩ સુધી અલબત્ત ખાદ્યાન્ન ફુગાવો ખૂબ ઉંચો હતો. પરંતુ તેના કેટલાક હકારાત્મક પાસાઓ પણ હતા. એક પાસુ એ પણ હતું કે ખેડૂતોની આવક એટલી ઓછી ન હતી જેટલી આનાથી અગાઉના વર્ષોમાં હતી. જો વર્ષ ૨૦૦૪-૨૦૧૪ સુધી એક દશકમાં ધ્યાન આપવામાં આવે તો કૃષિમાં ૩.૫ ટકાથી વધારે ગ્રોથ રેટ રહ્યો નથી. ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. ચીજવસ્તુઓની કિંમત વધી રહી છે. અલબત્ત ૨૦૦૯માં ચોક્કસપણે દુષ્કાળની સ્થિતિ રહી હતી. પરંતુ એકંદરે ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોની સ્થિતિમાં સુધાર થયો હતો. પાકા આવાસ બનવા લાગી ગયા હતા. બાળકો પણ સ્કૂલ જવા લાગી ગયા છે છતાં ખાનગી સ્કૂલોમાં પણ ખેડૂતો બાળકોને મૂકવા ખચકાટ અનુભવ કરી રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે આજે પણ ઘણી બધી બાબતોમાં મુલ્યાંકન કરવાનો સમય છે. જાહેરરીતે ખેડૂતોની આવક એકંદરે હવે ઘટી છે આના માટે કૃષિ ક્ષેત્રમાં ગ્રોથને વધારવામાં આવે તો ખેડૂતોની હાલત સુધરી શકે છે. આના માટે રસ્તા શું થઈ શકે છે. સૌથી પહેલા તો ઉંચા મુલ્યો ધરાવતી ખેતીને પ્રાથમિકતા આપવી પડશે જેમ કે ચીનના દાખલાને લેવામાં આવે તો ત્યાં ઉત્પાદન પણ વધારે છે અને ખેડૂતોનો ભાર પણ ઉચ્ચ મુલ્યોવાળી ચીજવસ્તુ પર વધારે ગયો છે. ભારતમાં પણ આ દિશામાં ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. હજુ સુધી ભારતીય ખેડૂતો ઉંચા મુલ્ય ધરાવતી ચીજવસ્તુઓની દિશામાં વિચારી રહ્યા નથી. પરંપરાગત ખેતીને પ્રાથમિકતા આપી રહ્યા છે.

ઉચ્ચ મૂલ્યોવાળા પાક પર ખેડૂતોને ધ્યાન આપવાની જરૂર છે પરંતુ આવા પાક માટે નજીકી બજાર રહે તે જરૂરી છે જે ભારતમાં હાલમાં નથી. અલબત્ત મહારાષ્ટ્ર, તમિળનાડુ જેવા કેટલાક રાજ્યોમાં આ દિશામાં કામ થયુ છે. ત્યાના ખેડૂતોને ફાયદો પણ થયો છે પરંતુ માત્ર એક એકરના ખેડૂત લાખોની આવક ઉભી કરી શકે તેમ નથી.

જેથી ટેકનોલોજી આધારિત ખેતી અને ઉચ્ચ મૂલ્યો ધરાવતા પાક તરફ ધ્યાન આપવામાં આવે તે સમયની માંગ છે. ખેડૂતો ઉચ્ચ મૂલ્યોવાળી ખેતી પર ભાર આપે તે નિષ્ણાંતોની પણ સલાહ છે. આ દિશામાં કામ કરવાની પણ જરૂર છે. સરકાર સતત સક્રિય થઈને આ પ્રકારની ખેતીને પ્રાથમિકતા આપે તો ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરી શકે છે સાથે સાથે જંગી દેવાની સ્થિતિમાં આપઘાત કરવાની ફરજ ખેડૂતોને ન પડે તે દિશામાં પણ પહેલ જરૂરી છે. વિશ્વના ઘણા દેશોમાં ઉંચા મૂલ્યો ધરાવતા પાક ઉપર વધારે ધ્યાન અપાઈ રહ્યું છે. ભારતને પણ પહેલ કરવાની જરૂર છે. ખેડૂતોના પાક માટે કિંમતો નક્કી કરવાનીસરકારી વ્યવસ્થા ખેડૂત સાથે વિશ્વાસઘાત સમાન છે. પાક વિમા અને હોનારતો આવવાની સ્થિતિમાં મળનાર સરકારી વળતર એક મજાક સમાન છે. હવે તો ભૂમિ અધિગ્રહણ મારફતે ખેડૂતની પાસે રહી ગયેલી એક માત્ર સંપત્તિને આંચકી લેવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. આવી સ્થિતિમાં દેશભરના ખેડૂતોની એક માંગ સરકાર સમક્ષ મૂકી દેવી જોઈએ. જેમ સરકાર પોતાના કર્મચારીઓના વેતન નક્કી કરવા માટે વેતનપંચની રચના કરે છે તેવી જ રીતે ખેડૂતોની આવક નક્કી કરવા માટે એક ખેડૂત આવકપંચ બનાવવું જરૂરી છે.

જેમ સરકાર દરેક પ્રકારના મજૂર માટે લઘુત્તમ વેતન નક્કી કરે છે તેવી જ રીતે ખેડૂત માટે પણ કામ થવું જોઈએ. જે રીતે સરકાર ઓછામાં ઓછા કાગળ પર રોજગારીની વાત કરી રહી છે તે રીતે આગળ વધવાની જરૂર છે. ખેડૂતને આવકની ગેરેન્ટી માટે કાયદો બને તે પણ ખૂબ જરૂરી છે. કૃષિના ક્ષેત્રમાં વર્ષોથી ધ્યાન આપવાના પ્રયાસ થઇ રહ્યા છે પરંતુ આ દિશામાં કોઇ નક્કર પહેલ થઇ નથી. ખેડુતોને પાણીની સમસ્યા પણ હમેંશા નડે છે. આ દિશામાં પ્રયાસો થઇ રહ્યા નથી.



આધુનિક લાઇફસ્ટાઇલ-ખાવા પીવાની ખરાબ ટેવથી મુશ્કેલી....

**આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે વિવોફિટ-રમાં એક વર્ષની બેટરી લાઇફ રહે છે જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે**

# આરોગ્ય સાથે ચેડા વધી રહ્યા છે

**ભાગદોડની લાઇફમાં સ્વાદને આરોગ્ય કરતા વધારે મહત્વ આપવામાં આવી રહ્યુ છે : આરોગ્યને લઇને શિસ્તમાં રહેવાની જરૂર છે**

દેશમા હાલમાં ઝડપથી ખાવાપીવાની ટેવ બદલાઈ હરહી છે. જેના કારણે બિમારીઓ વધી રહી છે. આરોગ્ય સાથે પણ સ્વાદના કારણે ચેડા થઇ રહ્યા છે. લાખો લોકો બિમારીના સકંજામાં આવી રહ્યા છે. બદલાઇ રહેલી જીવનશેલીના કારણે દેશભરમાં લોકોની ખાવાપીવાની ટેવમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. સરકારી આંકડા આ બાબતના સાક્ષી બની રહ્યા છે કે આશરે ૭૦ ટકા લોકો માંસાહરી અથવો તો નોન વેજિટેરિયન તરીકે છે.



હવે ખાવાપીવાની બાબતને પરંપરા અને જાતિ સાથે જોડીને જોઇ શકાય નહી. આશ્ચર્ય એ ચે કે એવા લોકો જેમની ખાવા પીવાની ટેવ બદલાઇ રહી છે તેમને આ અંગેની માહિતી પણ હોતી નથી કે તે ક્યાં પ્રકારના ભોજનની મજા માણી રહ્યા છે. માત્ર સ્વાદના કારણે સારી ચીજ શુ છે તેની જ માહિતી રહી છે. આરોગ્ય માટે કઇ ચીજ ખાવી જોઇએ અને કઇ નહી તેને લઇને તેમની પાસે વધારે માહિતી નથી. કેમ સમાજમાં ફેરફાર થયા અને આરોગ્યની સાથે કઇ રીતે ચેડા થઇ રહ્યા છે તેના પર અમે આજે ચર્ચા કરવા જઇ રહ્યા છીએ. અમારા દેશ અને વિદેશના ભોજનની તુલના કરવામાં આવે તો અમારી માસાંહરી અને શાકાહરીની પરિભાષામાં પણ વ્યાપક અંતર જોવા મળે છે.

પરેશાની એ પણ છે કે આવી જ અંતરની સ્થિતી દેશમાં પણ છે. કેટલાક લોકો ઇંડાને માંસાહરીમાં સામેલ કરે છે તો કેટલાક લોકો ઇંડાને શાકાહારીમાં સામેલ કરે છે. આવી જ રીતે બંગાળમાં બ્રાહ્મણ સમાજના કેટલાક લોકો માછળીને શાકાહાર માનીને તેનો ઉપયોગ કરે છે. આવી સ્થિતીમાં વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની જાહેર પરિભાષામાં અંતર હોવાના કારણે પણ આંકડા પર માઠી અસર થઇ જાય છે.

ભોજનની ટેવના સંબંધમાં શાકાહરી અને માંસાહરીના સંબંધમાં ભારત સરકાર દ્વારા જે આંકડા જારી કરવામાં આવ્યા છે તેની વાત કરવામાં આવે તો કેટલીક બાબતને લઇને શંકા થાય છે. આંકડા એકત્રિત કરવાની પદ્ધિત અને તેના તારણ કાઢવાને લઇને કોઇ શંકા નથી પરંતુ શંકાનુ કારણ અમારા દેશનુ માળખુ છે. આ જ રચનાના કારણે અમે આ પ્રકારની વાસ્તવિકતા અંગે યોગ્ય માહિતી મેળવી શકતા નથી. કઇ વ્યક્તિ માંસાહરી છે અને કઇ શાકાહરી છે તે અંગે આ રીતે માહિતી મળી શકતી નથી. વર્તમાન સ્થિતી આવી બની ગઇ છે કે અમે કોઇ જાતિ અને સમાજના આધાર પર આ બાબત નક્કી કરી શકાય નહી કે તે ખાસ જાતિના લોકો માંસાહરી અને અથવા તો શાકાહરી રહેશે. સમાજ સ્તરના માટે ખોટી વાત કરવામાં આવે છે.

ભારતીય સમાજમાં સામાજિક સ્તર ખુબ જ મહત્વપૂર્ણ છે. અનેક વખત વધારે સારા સમાજ માટે વ્યક્તિ ખોટી વાત કરે છે. દાખલા તરીકે ગુજરાતમાં ક્ષત્રીયને બાદ કરતા અન્ય સવર્ણ જાતિઓના લોકો સામાન્યરીતે માંસાહરી નથી. પરંપરાગત રીતે આ જાતિ માંસાહરી રહી છે. પરંતુહવે તેમની સામાજિક સ્થિતી સુધરી ગઇ હોવાથી તેઓ પોતાના વેજિટેરિયન તરીકે જ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વાસ્તવિકતા અંગે માહિતી મેળવી લેવાની બાબત મુશ્કેલરૂપ બની જાય છે.

કેટલાક કિસ્સામાં એવુ જાણવા મળ્યુ છે કે કેટલાક પરિવાર પરંપરાની દ્રષ્ટિએ શાકાહરી છે પરંતુ તબીબી કારણોસર તે પરિવારના બાળકને કોઇ નિષ્ણાંત તબીબ માંસાહાર નહી તો ઇંડાનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. આવી સ્થિતીમાં ઇંડાના કારણે સમગ્ર પરિવારને જ માંસાહરી માની લેવામાં આવ છે. આવી જ રીતે કેટલાક પરિવારમાં કેટલાક લોકો એવા પણ હોય છે જે વેજિટેરિયન હોય છે પરંતુ તેના પરિવારમાં અન્ય લોકો નોન વેજિટેરિયન હોવાના કારણે તેની ગણતરી આમાં જ થઇ જાય છે. કેટલીક વખત તો લોકો અજાણ રહેવાના નાટક પણ કરે છે.

### સર્વેમાં કેટલીક બાબત સપાટી પર

### બર્ગર અને પિજ્જા પણ જંક ફુડની કેટેગરીમાં...

દેશમા ૨૧ રાજ્યોને લઇને હાલમાં રસપ્રદ સર્વે કરવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. સેપલ સર્વેમાં ૭૦ લોકો નોન વેજિટેરિયન હોવાની વિગત સપાટી પર આવી છે. વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની વાત કરવામાં આવે તો તેલંગાણામાં ૯૮.૭૦ ટકા લોકો નોન વેજિટેરિયન છે જ્યારે રાજસ્થાનમાં ૭૪.૯૦ ટકા લોકો વેજિટેરિયન છે. બંગાળમાં ૯૮.૫૫ ટકા લોકો નોન વેજિટેરિયન છે. આંધ્રપ્રદેશમાં ૯૮.૨૫ ટકા લોકો નોન વેજિટેરિયન છે. ભારતમાં ફાસ્ટ ફુડનો કારોબાર હવે સતત વધી રહ્યુ છે. ભારતમાં હાલમાં ફાસ્ટ ફુડના કારોબારનુ કદ ૮૫૦૦ કરોડની આસપાસ છે. એક અંદાજ મુજબ જે ગતિથી ફાસ્ટ ફુડના કારોબારમાં વધારો થઇ રહ્યો છે તે જોતા વર્ષ ૨૦૨૦ સુધી ફાસ્ટ ફુડનો કારોબાર દેશમાં ૨૫૦૦૦ કરોડ સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. જંક ફુડમાં બર્ગર, પિજ્જા તો આવે છે પરંતુ ચિપ્સ અને કેન્ડી જેવી ચીજો પણ આંમાં આવી જાય છે.

# ચારિત્ર માણસનાં જીવનનું પવિત્ર આભૂષણ છે



મન ઉપવન

મુકેશ આંજણા

મનુષ્ય જીવનમાં સુખ પ્રાપ્ત કરવા માટે ખરાં-ખોટાં રસ્તા તરફ વળે છે. તેના લીધે પોતાનાં જીવનમાં હકારાત્મક સારું પરિણામ મેળવી શકતો નથી. સુખને પામવા માટે સાવ નીચલી કક્ષાનું કામ કરતા માણસ ખચકાતો નથી. દેશના મહાન સંતોના ઉપદેશથી ફલિત થાય છે કે આપણી ઉન્નતિ માટે કોઈ પણ બાહ્ય ધાર્મિક આડંબર કે કર્મકાંડની જરૂર નથી. કેવળ અંતરની ઝંખનાની જરૂર છે. જેનામાં અંતરની ઝંખના હોય તેને પોતાની ઉન્નતિનો માર્ગ જડી જાય છે, અને તેનામાં દ્રઢતા અને નિગ્રહશક્તિ હોય છે. તે માર્ગ જવાનું સામર્થ્ય પણ તેને પ્રાપ્ત થાય છે. અંતરની સફાઈ કરવા માટે કાયમી માટે દુર્ગુણો પર કાબૂ મેળવે છે, તે માનવી જીવન પર વિજય પ્રાપ્ત કરે છે. ક્રોધ જીવનને બાળી દે છે. ચારિત્ર માણસનાં જીવનનું આભૂષણ છે. તે કલંકિત થાય છે ત્યારે જીવનમાં ગુમાવવા જેવું કશું બાકી રહેતું નથી. સંતશ્રી રાજારામજી મહારાજે ક્રોધથી દૂર રહેવા માટે અને ચારિત્રની સદાય રક્ષા કરવા માટેનો ઉપદેશ આપેલ છે.

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે જે માણસે પોતાનું ચારિત્ર ગુમાવી દીધું છે, તેનાં જીવનમાં ગુમાવવા જેવું કશું બચતું નથી. આ દુનિયામાં ધનની હાનિને માણસ સૌથી મોટી હાનિ માને છે, પરંતુ જે માણસે ચારિત્ર ગુમાવી દીધું છે તેનાથી સમાજ, કુટુંબને સૌથી મોટી હાનિ થાય છે અને તેના પર કોઈ વિશ્વાસ પણ કરતું નથી. તેવા લોકો પાસે સજ્જન માણસો બેસવાનું પણ પસંદ કરતા નથી. સારા માણસો તો ચારિત્રહીન ધરાવતા લોકોના પડછાયાથી દૂર ભાગતા હોય છે. ચારિત્રહીન માણસો પોતાને તો કલંકિત કરે છે, પણ સાથે-સાથે પોતાનાં કુળને પણ કલંકિત કરે છે. તે પોતાની



ખાનદાનની પ્રતિષ્ઠા પર દાગ લગાડે છે. એટલે જ કહેવાય છે કે જેનું ચારિત્ર કલંકિત થયેલ છે. તેનાં જીવનમાંથી બધું ચાલ્યું જાય છે. ચારિત્ર માણસનાં જીવનની સૌથી મોટી પૂંજી છે. ચારિત્ર અણમોલ છે. ચારિત્ર જીવનની સફળતાની સીડી છે.

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, ચારિત્ર જેવું મૂલ્યવાન આભૂષણ માણસ ખોઈ બેસે છે ત્યારે તે કંગાળ અને નિર્ધન બની જાય છે. જયારે ચારિત્ર વ્યક્તિનું મનોબળ વધારે છે. ચારિત્રવાન માણસ સંસારની પ્રત્યેક વસ્તુને પ્રાપ્ત કરે છે. માણસનાં જીવનમાં ચારિત્ર કલંકિત થાય છે ત્યારે તમામ સંસ્કારો નષ્ટ થઈ જાય છે. સંસ્કાર નષ્ટ થતાં એક ક્ષણ પણ લાગતી નથી. જયારે માણસનાં જીવનમાં સંસ્કાર આવતાં વર્ષોનાં વર્ષો લાગી જાય છે. ચારિત્રહીન માણસોને અપમાન, તિરસ્કાર મળે છે. તે ગમે તેટલો મોટો ધનવાન હોવા છતાં પણ વાસ્તવિકત રીતે વિશ્વાસહીન માણસ કહેવાય છે.

શ્રી રાજારામજી મહારાજ કહે છે કે ''દરેક મા-બાપને પોતાનાં બાળકોને ચારિત્રવાન બનાવવા માટે કોશિશ કરવી જોઈએ. જે માણસ ચારિત્રનું મહત્ત્વ સમજે છે. તેનું જીવન પુણ્યશાળી બની જાય છે. ચારિત્ર ગુમાવી દીધું છે તે વ્યક્તિ જીવનમાં સફળ થઈ શકતો નથી.'' માણસ પોતાનાં શરીર પર કપડા પહેરે છે તેનાથી અંગ ઢાંકી શકાય છે, પરંતુ માનવી પોતાના સંસ્કાર ઢાંકી શકતો નથી. જયારે કપડાં મેલાં થઈ જાય છે ત્યારે સાબુથી ધોઈને તેને સ્વચ્છ કરી શકાય છે, પરંતુ ચારિત્રનું કલંક લાગી ગયાં બાદ તેને આજીવન દૂર કરી શકાતું નથી એટલે કે આ સંસારમાં કોઈ પણ માણસ પોતાનાં ચારિત્રને કલંક લાગ્યા બાદ સાબુથી ધોઈને પણ સાફ કરી શકતો નથી....

બાળકોનાં માતા-પિતાને મહાન પુરુષોનાં ચારિત્ર સાથે જોડાયેલી વાર્તાઓ સંભળાવવી જોઈએ. તેની પ્રેરણાથી બાળકો પોતાનું જીવન શણગારી શકે છે. શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, ''ચારિત્રવાન માણસોની સમાજ પણ ઈજ્જત કરે છે અને ખરાબ ચારિત્ર ધરાવનાર માણસોનો સમાજ તિરસ્કાર કરે છે. ચારિત્ર પર ઠેસ પહોંચે તેવું કોઈ પ્રકારનું કાર્ય કરવું જોઈએ નહીં''

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, ''કોઈ પણ માણસ હોય તેને ક્રોધથી દૂર રહેવું જોઈએ તેવો ઉપદેશ આપ્યો હતો. શ્રી રાજારામજી મહારાજ કહ્યું છે કે ક્રોધ માણસના ચહેર પર પણ વિકૃતિ પેદા કરે છે અને માણસમાં ક્યારેક ડર પણ પેદા કરે છે. ક્રોધ કરવાથી માણસ ઘણી વખત ખોટો નિર્ણય લઈ લે છે. જેના કારણે જીવનમાં પણ દુઃખ પ્રાપ્ત થાય છે.''

દુઃખ ન જોઈતું હોય તો આપણે આપણામાં રહેલા ઘણા બધા દોષોને દૂર કરવા જોઈએ. એ વાત સાદી અને સરળ લાગે છે કે પોતાને બુદ્ધિમાન કહેવડાવીએ છીએ, છતાં આપણને સમજાતી નથી. આપણે ક્રોધને લીધે બીજાઓને પણ દુઃખી કરીએ છીએ. માનવ-સમાજની રક્ષા માટે ચારિત્રવાન માણસોની ખૂબ જ જરૂર છે. જ્યાં ચારિત્રવાન માણસો છે, ત્યાં પુણ્યશાળી આત્માઓ બિરાજમાન થાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

યુવાનોમાં ઘણો ઉત્સાહ, વૃદ્ધો અને અપંગોનો ઉત્સાહ પણ ઓછો રહ્યાં નથી । સાંજના પાંચ વાગ્યા સુધી ૫૮ ટકા મતદાન થયું હતું

# રાજધાની દિલ્હી ચુંટણી માટેના મતદાનના વિવિધ રંગો

દિલ્હીમાં મતદાન દરમિયાન સીલમપુરમાં ભારે હોબાળો,આપ અને ભાજપ કાર્યકરો વચ્ચે ઘર્ષણ । મુસ્તફાબાદ બેઠક પર સૌથી વધુ ૬૬.૬૫ ટકા મતદાન થયું હતું

। નવીદિલ્હી, તા.૫ ।

દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે આજે સવારે સાત વાગ્યાથી કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન શરૂ થયું હતું જે સાંજના પાંચ વાગ્યા સુધી ચાલ્યું હતું. ૬ વાગ્યા સુધી જે મતદારો મતદાન મથકોની અંદર લાઈનમાં ઉભા હતાં તેમને મતદાન કરવાની મંજુરી આપવામાં આવી હતી.મતદાન શરૂ થતાં જ મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. યુવાનોથી લઈને વૃદ્ધો અને દિવ્યાંગો સુધી, મતદાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યા હતાં મતદારોએ ૬૯૯ ઉમેદવારોનું ભાવિ મતદારો દ્વારા ઈવીએમમાં કેદ કરવામાં આવ્યું હતુ મતદાન માટે ૧૩,૭૬૬ મતદાન મથકો પર સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થયું હતું.સાંજના પાંચ વાગ્યા સુધી ૫૮ ટકા મતદાન થયું હતું.મુસ્તફાબાદ બેઠક પર સૌથી વધુ ૬૬.૬૫ ટકા મતદાન થયું હતું. મુસ્લિમ બહુમતિવાળા વિસ્તારોની ૧૧ બેઠકો પર ભારે મતદાન થયું હતુંમતદાન દરમિયાન દિલ્હીના સીલમપુરમાં નકલી મતદાનના આરોપોને લઈને ભારે હોબાળો મચી ગયો હતો.આપ અને ભાજપ કાર્યકરો વચ્ચે ઝઘડો થયો અને એકબીજા વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા.







## આપ અને ભાજપ કાર્યકરો વચ્ચે ઝઘડો થયો એકબીજા વિરુદ્ધ સૂત્રોચ્ચાર

આપ અને ભાજપ કાર્યકરો વચ્ચે ઝઘડો થયો અને એકબીજા વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. સ્થળ પર હાજર પોલીસે બંને પક્ષના કાર્યકરોને ત્યાંથી દૂર કર્યા. ભાજપના નેતાઓના મતે, આવા ઘણા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જેમાં બુરખો પહેરેલી મહિલાઓએ મતદાન મથકો પર નકલી મતદાન કર્યું હોવાના આક્ષેપો થયા છે. ભાજપના કાર્યકરોએ દાવો કર્યો હતો કે ચૂંટણી પ્રક્રિયામાં ગોટાળા થઈ રહ્યા છે.ભાજપે ચૂંટણી પંચ પાસે નકલી મતદાન રોકવાની માંગ કરી હતી.અધિકારીઓએ હજુ સુધી આરોપોનો જવાબ આપ્યો નથી ગ્રેટર કૈલાશ વિધાનસભા બેઠકના આપ ઉમેદવાર, સૌરભ ભારદ્વાજે આરોપ લગાવ્યો કે દિલ્હી પોલીસ ચિરાગ દિલ્હીના એક મતદાન મથક પર લોકોને મતદાન કરતા અટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

## દ્રૌપદી મુર્મુએ ડો. રાજેન્દ્ર પ્રસાદ કેન્દ્રીય વિદ્યાલય, રાષ્ટ્રપતિ એસ્ટેટ ખાતે પોતાનો મત આપ્યો

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વિદેશ મંત્રી એસ. જયશંકર, કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને મુખ્યમંત્રી આતિશી બુધવારે સવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે પ્રારંભિક મતદારોમાં હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડો. રાજેન્દ્ર પ્રસાદ કેન્દ્રીય વિદ્યાલય, રાષ્ટ્રપતિ એસ્ટેટ ખાતે પોતાનો મત આપ્યો. કાલકાજી વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર અલકા લાંબાએ પણ મતદાન કર્યું હતું. કેન્દ્રીય પ્રધાન હરદીપ સિંહ પુરી અને તેમની પત્ની લક્ષ્મી પુરી બુધવારે ગ્રીન પાર્ક, નવી દિલ્હીમાં દિલ્હી વિધાનસભા ચૂંટણી મતદાન મથક પર મતદાન કર્યા પછી તેમની શાહીવાળી આંગળીઓ બતાવી હતી.દિલ્હીના મુખ્યમંત્રી અને આપ નેતા આતિશીએ નવી દિલ્હીમાં પોતાનો મત આપ્યો.

## મતદાન માટે ૧૩,૭૬૬ મતદાન મથકો પર સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન કર્યું હતું. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બુધવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં વહેલી સવારે પોતાનો મત આપ્યો. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ પત્ની સાથે પોતાનો મત આપ્યો.દિલ્હી બીજેપી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા અને તેમની પત્નીએ પટપરગંજ વિધાનસભા મતવિસ્તાર હેઠળના મયુર વિહાર ફેઝ ૧ માં સ્થિત મતદાન કેન્દ્ર પર પોતાનો મત આપ્યો.નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રના કોંગ્રેસના ઉમેદવાર સંદીપ દીક્ષિતે પણ વહેલી સવારે મતદાન કર્યું હતું. દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરાએ તેમની પત્ની સાથે મતદાન કર્યું. આ દરમિયાન તેણે પોતાની આંગળી પર શાહીનું નિશાન પણ બતાવ્યું. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પણ પોતાના સમગ્ર પરિવાર સાથે મતદાન કરવા માટે મતદાન મથકે પહોંચ્યા હતાં કેજરીવાલ પોતાના માતા-પિતાને વ્હીલચેરમાં બેસાડીને ઘરેથી નીકળ્યા હતા.

## છત્તીસગઢ શહેરી સંસ્થા ચૂંટણી માટે કોંગ્રેસે જાહેર ઢંઢેરો બહાર પાડ્યો

। રાયપુર, તા.૫ ।

કોંગ્રેસે છત્તીસગઢમાં શહેરી સંસ્થાની ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો બહાર પાડ્યો છે. રાયપુરના રાજીવ ભવન ખાતે આ મેનિફેસ્ટો બહાર પાડવામાં આવ્યો હતો, જેને 'જન ઘોષણ પત્ર' નામ આપવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ દીપક બૈજ, મેનિફેસ્ટો કમિટીના અધ્યક્ષ સત્યનારાયણ શર્મા, પૂર્વ ધારાસભ્ય વિકાસ ઉપાધ્યાય, મેયર ઉમેદવાર દીપ્તિ દુબે સહિત અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.કોંગ્રેસના જાહેર ઢંઢેરામાં તળાવોના સંરક્ષણ અને સુંદરીકરણ માટે ખાસ પહેલ કરવામાં આવશે.,,ઘાટ અને તળાવો પર મહિલાઓ માટે ચેન્જિંગ રૂમ બનાવવામાં આવશે.,શહેરી વાણિજ્યિક વિસ્તારોમાં મહિલા શૌચાલયની જોગવાઈ.,મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, પોલીસ કંટ્રોલ રૂમ સાથે સંકલનમાં રહીને તમામ ચોકડીઓ અને શાળાઓ અને કોલેજોની નજીક સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.,ઓટો રિક્ષા/ઈ-રિક્ષા માટે સંપૂર્ણ સજ્જ પાર્કિંગ અને ચાર્જિંગ સુવિધાઓ.,શ્રદ્ધાંજલિ યોજનાના બીપીએલ કાર્ડ ધારકો માટે રકમ ૨,૦૦૦ રૂપિયાથી વધારીને ૫,૦૦૦ રૂપિયા કરવામાં આવશે.,કોર્પોરેશનોના અનિયમિત કર્મચારીઓને નિયમિત કરવા માટે પ્રયાસો કરવામાં આવશે.

## આપને આંચકો, વરિષ્ઠ નેતા વિરુદ્ધ એફઆઇઆર નોંધાઈ, મહિલાએ ગંભીર આરોપ લગાવ્યો

। નવીદિલ્હી, તા.૫ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીની ૭૦ બેઠકો માટે આજે મતદાન થયું હતું મતદાન પહેલા આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. એક મહિલાએ આપ ધારાસભ્ય દિનેશ મોહનિયા પર તેમને ફ્લાઈંગ કિસ આપવાનો આરોપ લગાવ્યો, જેના માટે તેમની વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. દિનેશ મોહનિયા પર એક મહિલાએ પ્રચાર દરમિયાન તેમને ફ્લાઈંગ કિસ આપવાનો આરોપ લગાવ્યો છે અને મહિલાની ફરિયાદના આધારે તેમની વિરુદ્ધ સંગમ વિહાર પોલીસ સ્ટેશનમાં છેડતીના આરોપમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. આ મામલે દિનેશ મોહનિયા દ્વારા કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી. તમને જણાવી દઈએ કે દિનેશ મોહનિયા ચોથી વખત સંગમ વિહાર સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે અને તેમની સામે બીજેપીના ચંદન કુમાર ચૌધરી અને કોંગ્રેસના હર્ષ ચૌધરી છે.તેમના વિસ્તારમાં પાણીની સમસ્યા અંગે ફરિયાદ કરવા તેમની પાસે આવેલી મહિલાઓ સાથે ગેરવર્તન કરવાનો આરોપ તેમના પર હતો.૨૦૧૬ માં, મોહનીયા પર ભારતીય દંડ સંહિતા (આઈપીસી) કલમ ૩૨૩ (સ્વેચ્છાએ નુકસાન પહોંચાડવું), ૫૦૬ (ગુનાહિત ધમકી), ૫૦૯ (મહિલાની નમ્રતા પર અત્યાચાર કરવાના હેતુથી શબ્દ, હાવભાવ અથવા કૃત્ય), ૩૫૪ (સ્ત્રીનું ગૌરવ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

૧.૫૦ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા

# ઓડિશામાં વોટરશેડ પ્રોજેક્ટના ડેપ્યુટી ડિરેક્ટરના ઘરેથી નોટોનો 'પહાડ' મળ્યો

મોટાભાગે ૫૦૦ ની નોટો હતી । જયપુર શહેરના વિજિલન્સના સ્પેશિયલ જજ પાસેથી સર્ચ વોરંટ લીધા પછી તેમના છુપાયેલા સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા

। મલકાનગિરી, તા.૫ ।

ઓડિશા વિજિલન્સે મલકાનગિરી જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટના ડેપ્યુટી ડિરેક્ટર અને પીડી શાંતનુ મહાપાત્રાના ઘરે દરોડા પાડ્યા. અત્યાર સુધીમાં, દરોડામાં ૧.૫૦ કરોડ રોકડા જપ્ત કરવામાં આવ્યા છે, જેમાં મોટાભાગે ૫૦૦ ની નોટો હતી. વિજિલન્સને શંકા હતી કે શાંતનુ મહાપાત્રા પાસે તેમની આવક કરતાં વધુ સંપત્તિ હતી. આ આધારે, જયપુરના વિજિલન્સના સ્પેશિયલ જજ પાસેથી સર્ચ વોરંટ લીધા પછી તેમના છુપાયેલા સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા.વિજિલન્સ ટીમે જયપુરમાં શાંતનુ મહાપાત્રાના ત્રણ માળના ઘર, મલકાનગિરીમાં સહાયક કૃષિ ઈજનેર મોહન મંડલનું ઘર, મલકાનગિરીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર વિશ્વજીત મંડલનું ઘર, મલકાનગિરીમાં કરાર કર્મચારી અમિયાકાંત સાહુનું ઘર, મલકાનગિરીમાં મહાપાત્રાની



ઓફિસ, કટકના બાલીસાહીમાં તેમનું પૈતૃક ઘર, નુઆપાડા અને ભુવનેશ્વરમાં ભીમતાંગી હાઉસિંગ બોર્ડ કોલોનીમાં તેમના સંબંધીના ઘર સહિત સાત સ્થળોએ દરોડા પાડ્યા હતા.આ મોટી કામગીરીને પાર પાડવા માટે ૨ વધારાના એસપી, ૪ ડીએસપી, ૧૦ ઈન્સ્પેક્ટર, ૬ એએસઆઈ સામેલ હતા. દરોડા દરમિયાન વિજિલન્સ અધિકારીઓએ દસ્તાવેજોની પણ તપાસ કરી હતી, જેનાથી વધુ માહિતી મળી શકે છે. વિજિલન્સ ટીમ જપ્ત કરાયેલી રોકડ રકમ અને દસ્તાવેજોની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. ઓડિશા વિજિલન્સે મલકાનગિરી જિલ્લામાં વોટરશેડ પ્રોજેક્ટના ડેપ્યુટી ડિરેક્ટર અને પીડી શાંતનુ મહાપાત્રાના ઘરે દરોડા પાડ્યા. અત્યાર સુધીમાં, દરોડામાં ૧.૫૦ કરોડ રોકડા જપ્ત કરવામાં આવ્યા છે, જેમાં મોટાભાગે ૫૦૦ ની નોટો હતી. વિજિલન્સને શંકા હતી કે શાંતનુ મહાપાત્રા પાસે તેમની આવક કરતાં વધુ સંપત્તિ હતી. આ આધારે, જયપુરના વિજિલન્સના સ્પેશિયલ જજ પાસેથી સર્ચ વોરંટ લીધા પછી તેમના છુપાયેલા સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા.વિજિલન્સ ટીમે જયપુરમાં શાંતનુ મહાપાત્રાના ત્રણ માળના ઘર, મલકાનગિરીમાં સહાયક કૃષિ ઈજનેર મોહન મંડલનું ઘર, મલકાનગિરીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર વિશ્વજીત મંડલનું ઘર, મલકાનગિરીમાં કરાર કર્મચારી અમિયાકાંત સાહુનું ઘર, મલકાનગિરીમાં મહાપાત્રાની ઓફિસ, કટકના બાલીસાહીમાં તેમનું પૈતૃક ઘર, નુઆપાડા અને ભુવનેશ્વરમાં ભીમતાંગી હાઉસિંગ બોર્ડ કોલોનીમાં તેમના સંબંધીના ઘર સહિત સાત સ્થળોએ દરોડા પાડ્યા હતા.

મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપી રહી છે

## મહારાષ્ટ્ર : જો તમારી પાસે કાર છે, તો તમને લડકી બહેન યોજના હેઠળ પૈસા નહીં મળે

। મુંબઇ, તા.૫ ।

મહારાષ્ટ્રમાં, ફડણવીસ સરકાર લડકી બેહન યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપી રહી છે. આ યોજનાથી મહિલાઓની આર્થિક સ્થિતિ મજબૂત થઈ છે. પરંતુ આ યોજના હેઠળ એક મોટી વાત કહેવામાં આવી છે જે મુજબ જે મહિલાઓ પાસે કાર છે તેમને લડકી બેહન યોજનાનો લાભ નહીં મળે. તમને જણાવી દઈએ કે લડકી બહેન યોજના ગયા વર્ષે ઓગસ્ટમાં એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની પાછલી સરકારે શરૂ કરી હતી. આ અંતર્ગત, પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવે છે. લોકસભા ચૂંટણીના પરિણામો પછી, એવું કહેવામાં આવી રહ્યું હતું કે નવેમ્બર ૨૦૨૪ માં યોજાયેલી રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં શાસક ગઠબંધન મહાયુતિની જીતમાં આ યોજનાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

માઝી લડકી બેહન યોજના માટે પાત્રતા શું છે?

મહારાષ્ટ્ર સરકાર દ્વારા માઝી લડકી બહેન યોજના માટે કેટલીક પાત્રતા (શરૂઆતથી) નક્કી કરવામાં આવી છે, જેમાંપ

૧--માઝી લડકી બેહન યોજનાનો લાભ ફક્ત મહારાષ્ટ્રમાં રહેતી મહિલાઓને જ મળે છે.

૨--આ યોજના હેઠળ લાભ મેળવવા માટે ફક્ત તે મહિલાઓ જ પાત્ર બનશે જેમની ઉંમર ૨૧ થી ૬૫ વર્ષની વચ્ચે છે.

૩--આ યોજનાનો લાભ મેળવવા માટે, મહિલાના પરિવારની આવક ૨.૫ લાખ રૂપિયાથી વધુ ન હોવી જોઈએ.

૪--જો મહિલાના પરિવાર પાસે ટ્રેક્ટર કે ફોર વ્હીલર હોય, તો મહિલાને યોજનાનો લાભ આપવામાં આવશે નહીં.

૫-- લાડકી બહેન યોજના હેઠળ, પરિણીત, વિધવા, છૂટાછેડા લીધેલી, ત્યજી દેવાયેલી અને નિરાધાર મહિલાઓને આ યોજનાનો લાભ મળે છે.૬--જો મહિલાના પરિવારનો કોઈ વ્યક્તિ આવકવેરો ભરે છે, તો તે મહિલાને યોજનાનો લાભ મળશે નહીં.

## ન્યૂઝ બ્રિફ



પશ્ચિમ બંગાળમાં જાહેર સ્થળોએ તમાકુ કે પાન મસાલા થૂંકવાની આદત ધરાવતા લોકો માટે મુશ્કેલ દિવસો

## જાહેર સ્થળોએ તમાકુ અને સોપારી થૂંકવા પર ભારે દંડ થશે

। કોલકાતા,તા.૫ ।

પશ્ચિમ બંગાળમાં જાહેર સ્થળોએ તમાકુ કે પાન મસાલા થૂંકવાની આદત ધરાવતા લોકો માટે મુશ્કેલ દિવસો આવી રહ્યા છે કારણ કે આગામી બજેટ વિધાનસભા સત્રમાં, પાન મસાલા કે તમાકુ થૂંકવા જેવા ગુનાઓ માટે એક બિલ રજૂ કરવામાં આવશે, જેમાં ભારે દંડની જોગવાઈ હશે. મંગળવારે રાજ્ય સચિવાલય નબન્નામાં યોજાયેલી પશ્ચિમ બંગાળ કેબિનેટની બેઠકમાં આ સંદર્ભમાં નિર્ણય લેવામાં આવ્યો."મુખ્યમંત્રીએ પોતે જાહેર સ્થળોએ તમાકુ ચાવવા, પાન મસાલા અથવા પાનના અવશેષો થૂંકવાના વધતા વલણ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ખાસ કરીને ડાઘની ટીકા કરી હતી કારણ કે આવા થૂંક ઘણીવાર નવી રંગાયેલી દિવાલો અને ફૂટપાથ પર થાય છે, જે રાજ્ય સરકારના સુંદરીકરણના પ્રયાસોને અવરોધે છે," રાજ્ય કેબિનેટ સભ્યએ જણાવ્યું હતું. આ પછી, આવા ગુનાઓ માટે ભારે નાણાકીય દંડની જોગવાઈ સાથે બિલ રજૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, એમ રાજ્ય કેબિનેટ સભ્યએ જણાવ્યું હતું.જોકે, હજુ સુધી એ નક્કી કરવામાં આવ્યું નથી કે કેટલો દંડ ફટકારવામાં આવશે. સૂત્રો કહે છે કે આવા કોઈપણ ગુના માટે ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. પશ્ચિમ બંગાળ જાહેર સ્થળોએ થૂંકવા પર પ્રતિબંધ કાયદો, ૨૦૦૩ પહેલેથી જ અમલમાં છે, જે હેઠળ જાહેર સ્થળોએ થૂંકવા બદલ મહત્તમ દંડ ૨૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે.

## કેસ કોર્ટમાં પેન્ડિંગ હોવાથી છૂટાછેડા પછી બીજી પત્નીને ભરણપોષણ આપી શકાતું નથી

। નવીદિલ્હી, તા.૫ ।

બીજા લગ્નમાં પત્નીથી છૂટાછેડાના કિસ્સામાં, શું ભરણપોષણ ખર્ચ ચૂકવવો પડશે, તે પણ જ્યારે પહેલા લગ્નનો મામલો કોર્ટ દ્વારા ઉકેલાયો નથી? દેશની સુપ્રીમ કોર્ટે આ પ્રશ્નનો જવાબ શોધી કાઢ્યો. એક કેસમાં ચુકાદો આપતી વખતે કોર્ટે કહ્યું છે કે જો બીજા લગ્નમાં પણ છૂટાછેડા થાય છે, તો પતિએ ભરણપોષણનો ખર્ચ ચૂકવવો પડશે.અહેવાલ મુજબ, તેલંગાણાના એક કેસમાં ચુકાદો આપતી વખતે, જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે કહ્યું છે કે જો બીજી પત્ની પાસેથી છૂટાછેડા લેવામાં આવે છે, તો ભરણપોષણ આપતી વખતે, પહેલા લગ્નનો કેસ હજુ પણ કોર્ટમાં પેન્ડિંગ છે તે બહાનું સ્વીકારવામાં આવશે નહીં.કોર્ટે કહ્યું છે કે જો પહેલા લગ્ન વાતચીતના આધારે સમાપ્ત થયા હોય, તો તેનો બીજા લગ્ન સાથે કોઈ સંબંધ નથી. કોર્ટની કાર્યવાહી ભરણપોષણના નાણાંને અસર કરી શકતી નથી.તેલંગાણાની રહેવાસી ઉષા રાનીના લગ્ન વર્ષ ૧૯૯૯ માં એમ શ્રીનિવાસ સાથે થયા હતા. આ બંનેના બીજા લગ્ન હતા. લગ્નના એક વર્ષ પછી, તેમને એક પુત્ર થયો.

## મતદાન દરમિયાન રાજધાની દિલ્હીમાં પૈસા વહેંચવાથી લઈને નકલી મતદાનના આરોપો

। નવીદિલ્હી, તા.૫ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ૭૦ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. દરમિયાન, ભાજપનો આરોપ છે કે આમ આદમી પાર્ટી નકલી મત આપી રહી છે. બીજી તરફ,આપનો આરોપ છે કે ભાજપના નેતાઓ મતદારોમાં પૈસા વહેંચી રહ્યા છે.સીલમપુર વિધાનસભા ક્ષેત્રમાં ભાજપ અને આપ કાર્યકરો વચ્ચે હોબાળો થયો હતો. ભાજપે આરોપ લગાવ્યો હતો કે આમ આદમી પાર્ટીના સભ્યો બહારથી મહિલાઓને લાવ્યા હતા જેમણે નકલી મતદાન કર્યું હતું. ભાજપનું કહેવું છે કે બુરખા પહેરેલી મહિલાઓ નકલી મતદાન કરે છે.

## તેમની પાસે નિર્ણય લેવાની પણ શક્તિ નથી : કોંગ્રેસના નેતા સાંસદ રાહુલ ગાંધી

। નવીદિલ્હી, તા.૫ ।

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ રાહુલ ગાંધી એક દિવસની મુલાકાતે પટના આવી રહ્યા છે. ૧૯ દિવસમાં રાહુલ ગાંધી બીજી વખત પટના પહોંચ્યા છે. તેમણે સ્વાતંત્ર્ય સેનાની જગલાલ ચૌધરીની જન્મજયંતિની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમમાં હાજરી આપી હતી. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે, ભારતના સત્તા માળખામાં તમારી ભાગીદારી શું છે, પછી ભલે તે શિક્ષણ હોય, આરોગ્ય હોય, કોર્પોરેટ હોય, વ્યવસાય હોય કે ન્યાયતંત્ર હોય? દલિતોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે, પરંતુ જો સત્તા માળખામાં ભાગીદારી ન હોય તો તેનો કોઈ અર્થ નથી. જો સ્ટેજની પાછળ નિર્ણયો લેવામાં આવે તો તમને સ્ટેજ પર બેસાડવાનો કોઈ અર્થ નથી. આજે અલગ-અલગ જાતિના લોકોને ટિકિટ આપવાની ફેશન બની ગઈ છે, પીએમ મોદી પણ એ જ કહે છે. પણ પછી, તમે (પીએમ મોદી) ધારાસભ્યોની સત્તા છીનવી લીધી. લોકસભાના સાંસદોની પણ સત્તા છીનવી લેવામાં આવી છે." નિર્ણય લેવાની કોઈ શક્તિ નથી. તમે મંત્રી બનાવ્યા પણ ઓએસડી આરએસએસના છે.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી પટના એરપોર્ટ પહોંચ્યા. અહીંથી તેઓ સીધા કોંગ્રેસના ધારાસભ્ય શકીલ અહેમદ ખાનના ઘરે પહોંચ્યા. તેઓ ધારાસભ્ય ખાનને મળ્યા. સંવેદના વ્યક્ત કરી. તેમના દીકરાનું બે દિવસ પહેલા જ અવસાન થયું. આ પહેલા તેઓ ૧૮ જાન્યુઆરીએ બંધારણ સુરક્ષા પરિષદમાં ભાગ લેવા પટના આવ્યા હતા.

સૌથી વધુ લોકો ગુજરાતના | વિમાનમાં ગુજરાતના 33, પંજાબના 30, યુપીના ત્રણ, હરિયાણાના 33, ચંદીગઢના બે અને મહારાષ્ટ્રના ત્રણ લોકો સવાર હતાં

# અમેરિકાથી ભારત મોકલેલા લોકોને લઈને પ્લેન પહોંચ્યું અમૃતસર

। અમૃતસર, તા.૫ ।

અમેરિકાથી ભારત મોકલવામાં આવેલા ૧૦૪ લોકોને લઈને એક અમેરિકન વિમાન પંજાબના અમૃતસરમાં ઉતર્યું. આમાંના મોટાભાગના લોકો ગુજરાત પંજાબ અને હરિયાણાના રહેવાસી છે. અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ભારતીયોને લઈ જતું અમેરિકન આર્મીનું વિમાન બપોરે ૧ વાગ્યે અમૃતસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યું હતું .મળતી માહિતી મુજબ વિમાનમાં ગુજરાતના ૩૩, પંજાબના ૩૦, યુપીના ત્રણ, હરિયાણાના ૩૩, ચંદીગઢના બે અને મહારાષ્ટ્રના ત્રણ લોકો સવાર હતાં

અમૃતસર પોલીસે અમૃતસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એવિએશન ક્લબ



તરફ જતા રસ્તાને બેરિકેડ કરી દીધા હતાં અને સુરક્ષા વધારી દીધી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવતા ભારતીયોને પહેલા એવિએશન ક્લબમાં લાવવામાં આવ્યા હતાં જ્યાં તેમની સંપૂર્ણ પૃષ્ઠભૂમિની તપાસ કરવામાં આવી અને તેમના સંપૂર્ણ ગુનાહિત રેકોર્ડ અને ઈમિગ્રેશન રેકોર્ડની તપાસ કર્યા પછી જ તેમને જવાની મંજૂરી આપવામાં આવી હતી. આ દેશનિકાલ કરાયેલા લોકો જે રાજ્યોના છે તે રાજ્યોના રાજ્ય સત્તાવાળાઓને પણ તેમના આગમન વિશે જાણ કરવામાં આવી છે. મીડિયાને મંજૂરી નથી.પંજાબના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) ગૌરવ યાદવે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સ્થળાંતર કરનારાઓને પ્રાપ્ત કરશે અને એરપોર્ટ પર કાઉન્ટર સ્થાપિત કરશે. પંજાબના બિન-નિવાસી ભારતીય (એનઆરઆઈ) બાબતોના પ્રધાન કુલદીપ સિંહ ધાલીવાલે મંગળવારે યુએસ સરકારના નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તે દેશની અર્થવ્યવસ્થામાં યોગદાન આપનારા આ લોકોને દેશનિકાલ કરવાને બદલે તેમને કાયમી રહેઠાણ પ્રદાન કરવું જોઈએ. તેમણે કહ્યું કે ઘણા ભારતીયો 'વર્ક પરમિટ' પર યુએસમાં પ્રવેશ કરે છે અને જ્યારે તે સમાપ્ત થાય છે, ત્યારે તેઓ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ બની જાય છે.મંત્રીએ કહ્યું કે તેઓ યુ.એસ.માં રહેતા પંજાબીઓની ચિંતાઓ અને હિતોની ચર્ચા કરવા માટે આવતા અઠવાડિયે વિદેશ મંત્રી એસ જયશંકરને મળવાની યોજના ધરાવે છે. ધાલીવાલે પંજાબીઓને ગેરકાયદેસર માધ્યમથી વિદેશ પ્રવાસ ન કરવાની પણ અપીલ કરી હતી અને વિશ્વભરની તકોનો લાભ લેવા માટે કૌશલ્ય અને શિક્ષણ પ્રાપ્ત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

# વડાપ્રધાન મોદીએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી । મા ગંગાની પૂજા કરી







પ્રયાગરાજ : હિન્દુ કેલેન્ડર મુજબ, આ વર્ષે આજે ૫ ફેબ્રુઆરીએ માઘ મહિનાની ગુપ્ત નવરાત્રીની અષ્ટમી તારીખ હતી. આ દિવસનું ધાર્મિક મહત્વ ખૂબ જ ખાસ માનવામાં આવે છે, કારણ કે તે ધ્યાન, તપસ્યા અને સાધના માટે અત્યંત શુભ તિથિ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે જે વ્યક્તિ આ દિવસે પવિત્ર નદીમાં સ્નાન કરે છે અને ધ્યાન કરે છે, તેની બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે. દરમિયાન, ભગવા વસ્ત્રો પહેરીને, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી.હતી આ પછી તેમણે માતા ગંગાની પૂજા કરી. ત્રિવેણી સંગમમાં, પ્રધાનમંત્રીએ રુદ્રાક્ષની માળા પહેરી, સ્નાન કર્યું અને મંત્રોના સંપૂર્ણ જાપ સાથે પરિક્રમા કરી. સંગમ કિનારે ભક્તોની ભારે ભીડને કારણે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી હનુમાન મંદિર અક્ષય વતની મુલાકાત લીધા વિના પાછા ફર્યા હતાં. મોદી પ્રયાગરાજ એરપોર્ટ પર પહોંચ્યા હતાં અને અહીંથી તેઓ એરફોર્સના હેલિકોપ્ટર દ્વારા અરલના ડીપીએસ હેલિપેડ પહોંચ્યા હતાં જ્યાં તેમનું સ્વાગત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કર્યું હતું પીએમ મોદીની સાથે બંને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક અને રાજ્ય સરકારના ઘણા વરિષ્ઠ મંત્રીઓ પણ હાજર રહ્યાં હતાં વડાપ્રધાન બોટ દ્વારા અરેલ ઘાટ પરત ફર્યા હતાં.

## આમિર ખાનના દીકરા જુનૈદનો ડાન્સ જોઈને ફરાહ ખાન આશ્ચર્યચકિત થઈ



। મુંબઇ, તા.૫ ।

આમિર ખાનના દીકરા જુનૈદ ખાનની બીજી ફિલ્મ 'લવયાપા' રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં ખુશી કપૂર અને જુનૈદ મુખ્ય ભૂમિકામાં છે. આ જુનૈદ અને ખુશી બંનેની બીજી ફિલ્મ છે, પરંતુ થિયેટરોમાં રિલીઝ થનારી પહેલી ફિલ્મ છે. આ પહેલા જુનૈદની પહેલી ફિલ્મ 'મહારાજ' અને ખુશીની 'ધ આર્ચીઝ'ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી. હવે બંને સ્ટાર કિડ્સ પોતાની ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન, જુનૈદે ફિલ્મ સાથે જોડાયેલો એક કિસ્સો શેર કર્યો અને કહ્યું કે કેવી રીતે ફરાહ ખાન તેનો ડાન્સ જોઈને દંગ રહી ગઈ.જુનૈદ અને ખુશી ભારતી સિંહ અને હર્ષ લિંબાચિયાના પોડકાસ્ટ પર તેમની ફિલ્મ લવયાપાના પ્રમોશન માટે દેખાયા હતા. અહીં વાત કરતા જુનૈદે જણાવ્યું કે ફરાહ ખાન તેનો ડાન્સ જોઈને ચોંકી ગઈ હતી અને તેને જુનૈદનો ડાન્સ એટલો નાપસંદ આવ્યો કે તેણે તેનો ભાગ રદ કરી દીધો.જુનૈદ કહે છે- 'ફરાહ મેડમે મારો ડાન્સ કેન્સલ કરી દીધો.' મેં તેના સહાયક સાથે પ્રેક્ટિસ કરી. પણ જ્યારે તેઓએ ખુશીને પરફોર્મ કરતી જોઈ, ત્યારે તેઓએ તેને રાખી અને મારો ભાગ રદ કર્યો. ફરાહ મેડમે મને કહ્યું હતું કે તું આ કરી શકશે નહીં. તમે બસ સાથે આવો. આનંદનો નાચ થશે.

### રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટું નિવેદન આપ્યું

## અમેરિકા નાશ પામેલી અથવા જર્જરિત ઇમારતોનું પુનર્નિર્માણ કરશે : ટ્રમ્પ

**અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે જો ગાઝાના પુનર્નિર્માણમાં અમેરિકન સેનાની જરૂર પડે તો તેઓ ગાઝામાં સેના તૈનાત કરવાનું વિચારી શકે છે, જો તે જરૂરી બનશે તો અમે તે કરીશું**

। વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટું નિવેદન આપતા કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે અમેરિકા ગાઝાની માલિકી લે અને ગાઝાનું પુનર્નિર્માણ કરે. ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન કહ્યું કે અમે ગાઝાની માલિકી લેવા માંગીએ છીએ, ત્યારબાદ ગાઝામાં હાજર ખતરનાક બોમ્બ અને અન્ય શસ્ત્રોનો નાશ કરવાની જવાબદારી અમારી રહેશે. અમેરિકા નાશ પામેલા અથવા જર્જરિત ઈમારતોનું પુનર્નિર્માણ કરશે અને ગાઝામાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે. આનાથી ગાઝામાં લોકોને રોજગાર અને ઘર મળશે.અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે જો ગાઝાના પુનર્નિર્માણમાં અમેરિકન સેનાની જરૂર પડે તો તેઓ ગાઝામાં સેના તૈનાત કરવાનું વિચારી શકે છે. ટ્રમ્પે કહ્યું કે દરમિયાન, ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂએ પણ ટ્રમ્પની યોજનાને ટેકો આપ્યો અને તેના પર ખુશી વ્યક્ત કરી. નેતન્યાહૂએ કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે ગાઝા ભવિષ્યમાં ક્યારેય ઇઝરાયલ માટે ખતરો ન બને, પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પ તેને નવી



ઊંચાઈ પર લઈ જઈ રહ્યા છે. ટ્રમ્પનો વિચાર અલગ છે અને તે ગાઝાનું ભવિષ્ય બદલી નાખશે. આ વિચાર પર ધ્યાન આપવાની જરૂર છે. નેતન્યાહૂએ કહ્યું કે જો આવું થાય તો તે ઈતિહાસ બદલી શકે છે.યુએસ રાષ્ટ્રપતિએ બીજું એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું જેમાં તેમણે સૂચન કર્યું કે ગાઝામાંથી વિસ્થાપિત પેલેસ્ટિનિયનોને યુદ્ધગ્રસ્ત ગાઝાની બહાર કાયમી ધોરણે સ્થાયી કરવા જોઈએ. ટ્રમ્પે કહ્યું, "મને નથી લાગતું કે લોકોએ ગાઝા પાછા જવું જોઈએ." તમે હવે ગાઝામાં રહી શકતા નથી. આપણે બીજી જગ્યા શોધવાની જરૂર છે અને તે એવી જગ્યા હોવી જોઈએ જ્યાં લોકો ખુશીથી રહી શકે. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે 'જો આપણે છેલ્લા દાયકા પર નજર કરીએ તો ગાઝામાં ફક્ત જીવ ગુમાવ્યા છે. આ વર્ષોથી થઈ રહ્યું છે. જો આપણે લોકોને સારી જગ્યાએ પુનઃસ્થાપિત કરી શકીએ અને તેમને સારા ઘરો આપી શકીએ, તો લોકો ખુશ થશે અને કોઈએ પોતાનો જીવ ગુમાવવો નહીં પડે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટું નિવેદન આપતા કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે અમેરિકા ગાઝાની માલિકી લે અને ગાઝાનું પુનર્નિર્માણ કરે.

### ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં

## આયુષ્માન ભારત યોજના હેઠળ ૮.૫ કરોડથી વધુ સારવાર પૂરી પાડવામાં આવી છે

**આયુષ્માન ભારત યોજના હેઠળ, સરકારી હોસ્પિટલોમાં ૪.૨ કરોડ અને ખાનગી હોસ્પિટલોમાં ૪.૩ કરોડ સારવાર કરવામાં આવી**

। નવીદિલ્હી, તા.૫ ।

કેન્દ્ર સરકારે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સંબંધિત મહત્વપૂર્ણ માહિતી શેર કરી. સરકારે જણાવ્યું છે કે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં, આયુષ્માન ભારત યોજના હેઠળ ૮.૫ કરોડથી વધુ સારવાર પૂરી પાડવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી છે. આયુષ્માન ભારત યોજના હેઠળ, સરકારી હોસ્પિટલોમાં ૪.૨ કરોડ અને ખાનગી હોસ્પિટલોમાં ૪.૩ કરોડ સારવાર કરવામાં આવી છે.પશ્ચિમ બંગાળ અને રાષ્ટ્રીય રાજધાની સિવાય દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ યોજનામાં જોડાયા છે. નડ્ડાએ જણાવ્યું હતું કે એબી પીએમજેએવાય ટ્રસ્ટ મોડ, વીમા મોડ અને હાઈબ્રિડ મોડ દ્વારા લાગુ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે હાલમાં આ યોજના ૨૫ રાજ્યોમાં ટ્રસ્ટ માધ્યમ દ્વારા, સાત રાજ્યોમાં વીમા માધ્યમ દ્વારા અને બે રાજ્યોમાં હાઈબ્રિડ માધ્યમ દ્વારા લાગુ કરવામાં આવી રહી છે.આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કેન્દ્ર સરકારની એક મહત્વપૂર્ણ યોજના છે. આ યોજના હેઠળ, લોકોને પ્રતિ પરિવાર દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીનું આરોગ્ય વીમો આપવામાં આવે છે. દેશમાં આ યોજનાના લગભગ ૫૫ કરોડ લાભાર્થીઓ છે. આ યોજના હેઠળ ૧૨.૩૭ કરોડ પરિવારોને લાભ મળી રહ્યો છે.આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું છે કે તાજેતરમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ૭૦ વર્ષથી વધુ ઉંમરના ૭ કરોડ વરિષ્ઠ નાગરિકો સુધી લંબાવવામાં આવી છે. આ ૪.૫ કરોડ પરિવારોને લાગુ પડે છે. આયુષ્માન યોજના હેઠળ કવર આપતી વખતે, વૃદ્ધ લાભાર્થીની સામાજિક-આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવતી નથી. આ યોજના હેઠળ, વયોવૃદ્ધોને વય વંદના કાર્ડ આપવામાં આવે છે. કેન્દ્ર સરકારે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સંબંધિત મહત્વપૂર્ણ માહિતી શેર કરી. સરકારે જણાવ્યું છે કે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં, આયુષ્માન ભારત યોજના હેઠળ ૮.૫ કરોડથી વધુ સારવાર પૂરી પાડવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી છે.

## ટીએમસી સાંસદ શત્રુઘ્ન સિન્હાએ યુનિફોર્મ સિવિલ કોડને દેશની જરૂરિયાત ગણાવી



। નવીદિલ્હી, તા.૫ ।

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ શત્રુઘ્ન સિંહાએ પોતાના એક નિવેદનથી લોકોને ચોંકાવી દીધા છે. તેમણે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ની હિમાયત કરી છે અને કહ્યું છે કે તેને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવે. શત્રુઘ્ન સિંહાએ ઉત્તરાખંડમાં લાગુ કરાયેલ સમાન નાગરિક સંહિતાની પણ પ્રશંસા કરી છે.શત્રુઘ્ન સિંહાનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે ગુજરાતમાં પણ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં યુસીસીનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. જેની અધ્યક્ષતા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ રંજના દેસાઈ કરશે. રંજના દેસાઈએ ઉત્તરાખંડમાં અમલી યુસીસીનો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે.સંસદની બહાર વાત કરતા ટીએમસી સાંસદ શત્રુઘ્ન સિંહાએ કહ્યું, "ઉત્તરાખંડમાં જે બન્યું છે, પ્રથમ દૃષ્ટિએ આપણે બધા કહીએ છીએ, તે પ્રશંસનીય છેપ સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ, તે કોઈપણ દેશમાં હોવી જોઈએ અને તમામ દેશવાસીઓ તેની સાથે સંમત થશે."જો કે ટીએમસી સાંસદે કહ્યું કે યુસીસીની અંદર ઘણી સમસ્યાઓ છે જેને દૂર કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે યુસીસીમાં ઘણા લોકો અને ઘણા વિભાગોનું ધ્યાન રાખવું જરૂરી છે. એવું ન લાગવું જોઈએ કે તમે મત કે ચૂંટણી માટે આનો અમલ કરી રહ્યા છો.

## બોલિવૂડ અભિનેતા અર્જુન રામપાલ એક ઇવેન્ટમાં ઘાયલ, માથા ઉપર કાચ તૂટી ગયો

। મુંબઇ, તા.૫ ।

બોલિવૂડ અભિનેતા અર્જુન રામપાલનો એક વીડિયો ચર્ચામાં છે, જેમાં તે સ્ટંટ કરતી વખતે એક ઈવેન્ટમાં પ્રવેશ કરી રહ્યો છે. પરંતુ, આ સમય દરમિયાન અભિનેતા સાથે એક અકસ્માત થયો અને તેના માથા પર કાચ તૂટી ગયો. અભિનેતાનો આ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.અર્જુન રામપાલ રૂપેરી પડદેથી લઈને ઓટીટી સુધી પોતાનો ચાર્મ બતાવતો રહે છે. તાજેતરમાં, અભિનેતા નેટફ્લિક્સના 'નેક્સ્ટ ઓન નેટફ્લિક્સ ૨૦૨૫' કાર્યક્રમમાં હાજરી આપી હતી, જ્યાં તેનો અકસ્માત થયો હતો. નેટફ્લિક્સે તાજેતરમાં એક ઈવેન્ટમાં પ્લેટફોર્મ પર આવનારી ઘણી ફિલ્મો અને શ્રેણીઓની જાહેરાત કરી. આ દરમિયાન, અર્જુન રામપાલની 'રાણા નાયડુ સીઝન ૨' નું ટીઝર પણ રિલીઝ થયું, જેમાં રાણા દગ્ગુબાતી અને વેંકટેશ પણ જોવા મળશે. આ શ્રેણીમાં અર્જુન રામપાલ પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં છે. આ જ ઈવેન્ટમાં, અર્જુન રામપાલે કાચ તોડીને ભવ્ય એન્ટ્રી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ કાચના ટુકડા અભિનેતાના હાથમાં ઘૂસી ગયા અને કાચ અભિનેતાના માથા પર પણ તૂટી ગયો.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા અર્જુન રામપાલના વીડિયોમાં, અભિનેતાના હાથમાંથી લોહી નીકળતું જોઈ શકાય છે.

## ભૂકંપના આંચકાથી ફરી હચમચી ઉઠ્યું નેપાળ, લોકો ઘરોમાંથી બહાર નીકળી આવ્યા, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪

। કાઠમંડુ, તા.૫ ।

ભારતના પાડોશી દેશ નેપાળમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ ભૂકંપના આંચકા પશ્ચિમ નેપાળના દૈલેખ જિલ્લામાં આવ્યા હતા.આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪ માપવામાં આવી હતી. અધિકારીઓએ ભૂકંપ વિશે માહિતી આપી. જોકે, આ ભૂકંપ પછી કોઈ જાનમાલના નુકસાનના સમાચાર નથી. ભૂકંપના કારણે લોકો પોતાના ઘરની બહાર નીકળી આવ્યા હતા.રાષ્ટ્રીય ભૂકંપશાસ્ત્રીય કેન્દ્ર અનુસાર, ૪.૪ ની તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર દૈલેખ જિલ્લાના તોલીજૈસીમાં હતું. આ ભૂકંપના આંચકા પડોશી જિલ્લાઓ અછામ, કાલિકોટ અને સુરખેતમાં પણ અનુભવાયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે દૈલેખમાં સ્થાનિક સમય મુજબ સાંજે ૫:૨૦ વાગ્યે ભૂકંપ આવ્યો. તાજેતરના સમયમાં, દેશ અને વિશ્વના ઘણા ભાગોમાં ભૂકંપની ઘટનાઓમાં વધારો જોવા મળ્યો છે. આપણી પૃથ્વીની અંદર ૭ ટેક્ટોનિક પ્લેટો છે. આ પ્લેટો સતત પોતાની જગ્યાએ ફરતી રહે છે. જોકે, ક્યારેક અથડામણ કે ઘર્ષણ થાય છે. આ કારણોસર, પૃથ્વી પર ભૂકંપની ઘટનાઓ જોવા મળે છે. આના કારણે સામાન્ય લોકોને સૌથી વધુ તકલીફ પડે છે. ભૂકંપના કારણે ઘરો ધરાશાયી થાય છે, અને હજારો લોકો કાટમાળ નીચે દબાઈને મૃત્યુ પામે છે.ભૂસ્તરશાસ્ત્રીઓના મતે, ભારતના કુલ ભૂમિ વિસ્તારનો લગભગ ૫૯ ટકા ભાગ ભૂકંપ-સંભવિત માનવામાં આવે છે. વૈજ્ઞાનિકોએ ભારતમાં ભૂકંપ ક્ષેત્રને ઝોન-૨, ઝોન-૩, ઝોન-૪ અને ઝોન-૫ એમ ૪ ભાગોમાં વિભાજિત કર્યું છે. ઝોન-૫ ના વિસ્તારોને સૌથી સંવેદનશીલ ગણવામાં આવે છે, જ્યારે ઝોન-૨ ને ઓછો સંવેદનશીલ ગણવામાં આવે છે.

**ફાયરિંગમાં કેટલા લોકો ઘાયલ** | **અચાનક બનેલી આ ઘટનાથી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો । પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી**

## સ્વીડનની શાળામાં ગોળીબાર, ૧૦ લોકોના મોત, ગભરાટ સર્જાયો

। ઓરેબ્રા,તા.૫ ।

સેન્ટ્રલ સ્વીડનની એક સ્કૂલમાં ગોળીબાર થયાના સમાચાર છે. આ ફાયરિંગમાં ૧૦ લોકો માર્યા ગયા છે. સમાચાર લખાય છે ત્યાં સુધી, મૃતકોમાં બંદૂકધારીઓનો સમાવેશ થાય છે કે કેમ તે બહાર આવ્યું નથી. જો કે આ ફાયરિંગમાં કેટલા લોકો ઘાયલ થયા છે તે હજુ સુધી જાણવા મળ્યું નથી.

આ શૂટિંગ ઓરેબ્રોની હદમાં થયું હતું. અચાનક બનેલી આ ઘટનાથી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો, ત્યારબાદ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં આ ગોળીબાર થયો તે સ્થળ સ્ટોકહોમથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂર છે. સ્થાનિક પોલીસ વડા રોબર્ટો એડ ફોરેસ્ટનું કહેવું છે કે આ ઘટના કેવી રીતે બની તેની તપાસ કરવામાં આવી રહી છે.



તેમણે કહ્યું કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે ફાયરિંગ સ્કૂલ (બિલ્ડીંગ)ની અંદર થયું હતું કે અન્ય કોઈ જગ્યાએ. આ ગોળીબાર જે સ્કૂલમાં થયો હતો ત્યાં ૨૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અભ્યાસ કરે છે. આ શાળાનું નામ કેમ્પસ રિસબર્ગસ્કા છે. આ મામલે પીએમ ઉલ્ફ ક્રિસ્ટરસનનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે સમગ્ર સ્વીડન માટે આ ખૂબ જ દુઃખદ દિવસ છે.

પોલીસ અધિકારી ફોરેસ્ટે કહ્યું, 'અમને લાગે છે કે તે એકમાત્ર ગુનેગાર છે. ગોળીબાર અત્યંત દુઃખદ હતો, જેમાં ઘણા લોકો સામેલ હતા. આ એક ભયંકર ઘટના છે, તે અસાધારણ અને દુઃસ્વપ્ન છે. લોકોને આ વિસ્તાર ટાળવા અને ઘરની અંદર રહેવા વિનંતી કરવામાં આવી છે. સ્વીડનના ન્યાય પ્રધાન ગુન્નર સ્ટ્રોમરે મંગળવારે પોલીસ ઓપરેશનની તીવ્રતાનું વર્ણન કર્યું અને કહ્યું કે સરકાર પોલીસ સાથે ગાઢ સંપર્કમાં છે અને વિકાસ પર નજીકથી નજર રાખી રહી છે.સ્વીડનમાં બનેલી આ ઘટનામાં માર્યા ગયેલા લોકોની સંખ્યા આખી દુનિયામાં ચર્ચાનો વિષય બની છે. આ પહેલા પણ વિદેશમાંથી આવી અનેક ઘટનાઓ સામે આવી છે. સેન્ટ્રલ સ્વીડનની એક સ્કૂલમાં ગોળીબાર થયાના સમાચાર છે. આ ફાયરિંગમાં ૧૦ લોકો માર્યા ગયા છે. સમાચાર લખાય છે ત્યાં સુધી, મૃતકોમાં બંદૂકધારીઓનો સમાવેશ થાય છે કે કેમ તે બહાર આવ્યું નથી. જો કે આ ફાયરિંગમાં કેટલા લોકો ઘાયલ થયા છે તે હજુ સુધી જાણવા મળ્યું નથી. આ શૂટિંગ ઓરેબ્રોની હદમાં થયું હતું. અચાનક બનેલી આ ઘટનાથી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો, ત્યારબાદ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં આ ગોળીબાર થયો તે સ્થળ સ્ટોકહોમથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂર છે.

**ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં વરસાદની શક્યતા ઓછી રહેશે,** | **દેશના કેટલાક રાજ્યોમાં ગાઢ ધુમ્મસ યથાવત છે જ્યારે ઘણા વિસ્તારોમાં વાવાઝોડાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે, બીજી તરફ, પહાડી વિસ્તારોમાં બરફવર્ષા ચાલુ**

## યુપી-બિહાર સહિત ઘણા રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદની ચેતવણી । પર્વતોમાં બરફવર્ષા

। નવીદિલ્હી, તા.૫ ।

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં વરસાદની શક્યતા ઓછી રહેશે, પરંતુ ધુમ્મસનું સ્તર વધી શકે છે. દેશના કેટલાક રાજ્યોમાં ગાઢ ધુમ્મસ યથાવત છે જ્યારે ઘણા વિસ્તારોમાં વાવાઝોડાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ, પહાડી વિસ્તારોમાં બરફવર્ષા ચાલુ છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે આગામી થોડા દિવસો સુધી દિલ્હીમાં આકાશ સ્વચ્છ રહેવાની શક્યતા છે અને સવારે ઉત્તર-પશ્ચિમ દિશાથી સપાટી પર પવન ફૂંકાય તેવી શક્યતા છે, જેના કારણે સવારે અને સાંજે ઠંડીનો અહેસાસ થશે. તે જ સમયે, રાત્રિ દરમિયાન ધુમ્મસ અને ઝાકળની શક્યતા છે.હવામાન વિભાગે પશ્ચિમ ઉત્તર પ્રદેશના સહારનપુર, શામલી, મેરઠ, મુઝફ્ફરનગર, ગાઝિયાબાદ, નોઈડા, બાગપત, બુલંદશહેર, આગ્રા અને બરેલી સહિત ઘણા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી જારી કરી છે, જ્યારે લખનૌ, કાનપુર, પ્રયાગરાજ, વારાણસી અને ગોરખપુરમાં ગાઢ ધુમ્મસની શક્યતા છે. હવામાન



વિભાગના જણાવ્યા અનુસાર, આજે વરસાદ પડી શકે છે, જ્યારે ગુરુવાર એટલે કે ૬ ફેબ્રુઆરીથી હળવા ઝરમર વરસાદ બાદ હવામાન સ્વચ્છ રહેવાની ધારણા છે. પરંતુ ૮ ફેબ્રુઆરીએ પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાને કારણે, તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.બિહારમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો છે અને પશ્ચિમી વિક્ષેપની અસરને કારણે સવારે અને સાંજે ઠંડીની અસર જોવા મળી રહી છે. જોકે, દિવસનું તાપમાન ધીમે ધીમે વધી રહ્યું છે. આગામી દિવસોમાં બિહારની રાજધાની પટના, દરભંગા, મધુબની, મુઝફ્ફરપુર અને ગયા સહિત ઘણા જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાયું રહેશે અને પશ્ચિમી પવનોને કારણે ઠંડીની અસર રહેશે. આગામી દિવસોમાં તાપમાનમાં વધઘટ જોવા મળી શકે છે અને હળવો ઝરમર વરસાદ પણ પડી શકે છે.પશ્ચિમી વિક્ષોભની અસરને કારણે, હરિયાણા અને પંજાબમાં આગામી ત્રણ દિવસ માટે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ગુરુગ્રામમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૨ નોંધાયો હતો, જે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં આવે છે, જ્યારે ફરીદાબાદનો એક્યુઆઈ ૨૧૭ હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે, જેના કારણે તાપમાનમાં ઘટાડો થશે.

ગુજરાત રાજ્યમાં આગામી

# ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન મિલેટ મહોત્સવ યોજાશે

**લોકોમાં જાગરૂકતા ફેલાવવાના તેમના સઘન પ્રયાસોના પરિણામે સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૨૩ને 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ' જાહેર કર્યુ**



। અમદાવાદ,તા.૫ ।

મિલેટ્સના ઉપયોગ અંગે લોકોમાં જાગરૂકતા ફેલાવવાના તેમના સઘન પ્રયાસોના પરિણામે સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૨૩ને 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ' જાહેર કર્યુ હતું. આજે ગુજરાત પણ જાડા અને બરછટ અનાજના ઉપયોગ અને વપરાશને પ્રોત્સાહન આપી રહ્યું છે અને તેના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આગામી ૮ અને ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન રાજ્યમાં 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ બે દિવસીય કાર્યક્રમનો ઉદ્દેશ મિલેટ્સ ઉત્પાદનો તેમજ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમ સાત મ્યુનિસિપલ કોર્પોરેશનો - અમદાવાદ, જામનગર, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટમાં યોજાશે, જેમાં રાજ્ય સ્તરનો કાર્યક્રમ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત થશે. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બપોરે ૧૨.૧૫ વાગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં આ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન કરશે. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ અને રાજ્યકક્ષાના કૃષિમંત્રી શ્રી બચુભાઈ ખાબડ પણ ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમમાં, મિલેટ્સનું ઉત્પાદન કરતા તેમજ પ્રાકૃતિક કૃષિ અપનાવતા રાજ્ય સ્તરના એફપીઓ સાથે સંકળાયેલા લગભગ ૧૦૦૦ ખેડૂતો, જાણીતા એનજીઓ અને રાજ્યના શહેરી નાગરિકો સામે થશે.

## મહેસાણામાં દીકરી જન્મતા પતિએ પત્નીને ત્રણ તલાક આપી દીધા

। મહેસાણા, તા.૫ ।

મહેસાણામાં ત્રણ તલાકની ઘટના સામે આવી છે. મહેસાણામાં દીકરી જન્મતા પરિણીતાને ત્રણ તલાક આપ્યા હોવાની ઘટના સામે આવી છે. દીકરાને બદલે દીકરી જન્મતા પતિએ છૂટાછેડા આપ્યા છે. મહેસાણાના શોભાસણ રોડ પર રહેલી પરિણીતાએ ફરિયાદ નોંધાવી છે.૨૦૦૭માં લગ્ન બાદ દીકરીનો જન્મ થયો હતો. છેલ્લા ૪ વર્ષથી પતિ સહિત સાસરિયાના હેરાન કરતા હોવાનું પણ સામે આવ્યું છે. પતિ, સસરા, સાસુ, નણંદ અને મામી સાસુ સામે પરિણીતાએ ફરિયાદ નોંધાવી છે.

ગુજરાતમાં ફરી એકવાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ડાકલા વાગી ગયા

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારકોમાં ૨૦ દિગ્ગજ નેતાઓનો સમાવેશ

**ગુજરાતની તમામ પાલિકા અને નગરપાલિકાઓમાં જંગી બહુમતીથી જીતવા માટે ભાજપે પોતાનો એક્શન પ્લાન તૈયાર**

। અમદાવાદ, તા.૫ ।

ગુજરાતમાં ફરી એકવાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ડાકલા વાગી ગયા છે. ત્યારે દર વખતની જેમ ગુજરાતની તમામ પાલિકા અને નગરપાલિકાઓમાં જંગી બહુમતીથી જીતવા માટે ભાજપે પોતાનો એક્શન પ્લાન તૈયાર કરી દીધો છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે પોતાના પ્રચારકોના નામ જાહેર કરી દીધા છે. જેમાં પાર્ટીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ, નીતિન પટેલ, મનસુખ માંડવીયા, પરસોતમ રૂપાલાનો સમાવેશ કર્યો છે. કુલ ૨૦ નેતાઓના નામ સ્ટાર પ્રચારકોમાં સામેલ કરવામાં આવ્યા છે.



છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતમાં બીજેપીનો દબદબો રહ્યો છે. ગુજરાતમાં દરેક ચૂંટણીઓ આવે તેમાં બીજેપી પોતાની પકડ જાળવી રાખી છે. આ વખતે પણ ભારતીય જનતા પાર્ટી દ્વારા તમામ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એડીચોટીનું જોર લગાવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં પાલિકા અને પંચાયતની ચૂંટણીઓ મામલે મંગળવારે એક મહત્વપૂર્ણ સમાચાર મળ્યા હતા. પ્રદેશ ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સૌથી મોટો દાવો કરાયો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ થઈ ચૂક્યું છે. જેમાં ભાજપ તરફી ૨૧૫ બેઠકો બિન હરીફ થઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. ૬૮ નગરપાલિકાની ૧૯૬ બેઠકો બિનહરીફ જાહેર થઈ ગઈ છે. જુનાગઢ મહાનગરપાલિકાની ૯ બેઠકો બિનહરીફ થઈ છે, જ્યારે તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ૧૦ બેઠકો મળી હોવાની વાત સામે આવી છે.મહત્વનું છે કે, ભારતીય જનતા પાર્ટીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસના કાર્યો તેમજ કેન્દ્રિય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહની વિકાસની રણનીતિ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શનમાં ગુજરાતમાં પ્રજા સુધી પહોંચી પ્રજાલક્ષી કાર્યો કર્યા છે તે જનતાએ સ્વીકારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચૂંટણી પહેલા જ પ્રજા ભારતીય જનતા પાર્ટી સાથે છે તે સાબિત કરી બતાવ્યુ છે. ગુજરાતમાં ફરી એકવાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ડાકલા વાગી ગયા છે.

# રાજકોટની પરિણીતા ઉપર મોરબીમાં 3 શખ્સોએ દુષ્કર્મ આચર્યું, ૧૫ લાખ રૂપિયા પડાવી લીધા

**આરોપીઓએ ધમકી આપી હતી કે જો તે આ અંગે ફરિયાદ કરશે તો તેની પુત્રીને મારી નાખશે**

। મોરબી, તા.૫ ।

રાજકોટની પરિણીતા પર મોરબીમાં દુષ્કર્મ આચરવામા આવ્યું છે.પીડિતાએ મોરબી પોલીસ સામે આરોપ લગાવતા કહ્યુ કે મોરબી પોલીસ ફરિયાદ લેવાને બદલે પીડિતાને હેરાન કરતી હતી. ટંકારાની નાસા સ્કૂલના સંચાલક વિજય ભાડજા, શનાળાના નાઈટ લાઈફ કાફેના માલીક મિતેષ ભટ્ટ અને અક્ષર હોમ ડેકોરના માલીક જયદીપ ડાભી સામે આરોપ લગાવવામા આવ્યા છે.પરિણીતા ઈવેન્ટ મેનેજમેન્ટ સમયે આરોપીઓના સંપર્કમાં આવી હતી.પરિણીતાનો જન્મદિવસ હતો. તે દિવસે તેણે બર્થ ડે પાર્ટી રાખી હતી. આ બર્થ ડે પાર્ટીમાં આરોપીઓએ મહિલાને કેફી પીણું પીવડાવ્યું હતું. કેફી પીણું પીવડાવીને દુષ્કર્મ આચર્યું હતું. આરોપીઓએ પરિણીતાના ન્યૂડ વિડિયો અને ફોટા પાડી ૧૫ લાખ પડાવી લીધા હોવાનું સામે આવ્યુ છે..આરોપીઓએ ધમકી આપી હતી કે જો તે આ અંગે ફરિયાદ કરશે તો તેની પુત્રીને મારી નાખશે. આરોપીઓએ પરિણીતાને બદનામ કરી પતિ સાથે પણ છુટાછેડા કરાવ્યા હોવાનો પણ આરોપ લગાવવામા આવ્યો રાજકોટની પરિણીતા પર મોરબીમાં દુષ્કર્મ આચરવામા આવ્યુ છે.પીડિતાએ મોરબી પોલીસ સામે આરોપ લગાવતા કહ્યુ કે મોરબી પોલીસ ફરિયાદ લેવાને બદલે પીડિતાને હેરાન કરતી હતી. ટંકારાની નાસા સ્કૂલના સંચાલક વિજય ભાડજા, શનાળાના નાઈટ લાઈફ કાફેના માલીક મિતેષ ભટ્ટ અને અક્ષર હોમ ડેકોરના માલીક જયદીપ ડાભી સામે આરોપ લગાવવામા આવ્યા છે.

નિયુ ટુર્સ - 6352800794
ગોવા ટુર 3 રાત્રી 4 દિવસ
સ્પે. વુમન્સ માટે
રૂ.17,999/-* પ્રતિ વ્યક્તિ
ફ્લાઈટ ટિકિટ સાથે
3 સ્ટાર હોટેલ સ્ટે
પિક અપ ડ્રોપ
સાઈટસિન
બ્રેક ફાસ્ટ અને ડિનર
ઓલ ઈન્ડીયા વેકેશન ટુર પેકેજ ઉપલબ્ધ

Treatment by ORTHOPAEDIC SUPER SPECIALISTS Under One Roof.
DR. PRANJEL PIPARA
DR. DAIVESH SHAH
DR. KARN MAHESHWARI
DR. VIRAL GAJJAR
DR. HARSH VYAS
VERDDAAN HOSPITALS
Call for Appointment +91 90900 80505

ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક
અમદાવાદમાં ન્યૂઝ મીડિયા ક્ષેત્રે કરિયર બનાવો
ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે
છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે
ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..
લોક પત્રિકા
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંપર્ક । 98252 52125
વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100-150 200-300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

Radhika School & Hostel
ADMISSIONS OPEN
ગુજરાતી માધ્યમ I English Medium
NURSERY TO STD. 12th
Commerce Science
દિકરીઓ માટે 25% સ્કોલરશીપ
100% પ્રોગ્રેસની જવાબદારી
હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
ફુલવાડી પાર્ક, વડાળી રોડ, કસ્તુરબાધામ (ત્રંબા) રાજકોટ.
96871 85085 / 70467 15551

Cyber Octet™
CYBER OCTET PRIVATE LIMITED
ISO 9001 Certified Cyber Security Company
Ethical Hacking & Cyber Security Training
Advanced Diploma in Ethical Hacking & Cyber Security
Learn From The Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert
Mr. Falgun Rathod
Register Now
+91 74053 21234
www.cyberoctet.com

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya